
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત




# પંચોલી નવયુગ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સુવર્ણ જયંતિ અધિવેશન સુવર્ણ જયંતિ મહોત્સવ વિશેષાંક**

માર્ચ – ૨૦૧૩ અંક – ૩ વર્ષ ૫૨ સળંગ અંક ૩૯૫

તંત્રી :
દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

## સાતમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ, કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે. તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ જીણાભાઈ પંચોલી*

*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા*
*પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester
LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475


શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

રજી. નં.: A/1822 ભરૂચ

## પંચોલી નવયુગ

**પ્રકાશનનું સ્થળ**
૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......
દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક (પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.) | ₹ ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક (દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.) | ₹ ૨,૫૨૫/- |

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક કિંમત | ₹ ૫/- |
| વાર્ષિક લવાજમ | ₹ ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ₹ ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ₹ ૨,૫૨૫/- |

# નવદંપતીને હાર્દિક શુભેચ્છાઓ સહ શુભાશિષ



## ચિ. નિધિ - ચિ. નિરવ

લગ્ન
તા. ૧૪.૨.૨૦૧૩





ચંપકલાલ ખુશાલદાસ પંચોલી
શ્રીમતિ શારદાબેન ચંપકલાલ પંચોલી
ભરતકુમાર ચંપકલાલ પંચોલી
આનંદીબેન ભરતભાઈ પંચોલી
ચિ. પલક
ચંપકલાલ દામોદરદાસ પંચોલી
'કૈવલકૃપા' સ્નેહકુંજ સોસાયટી, વ્યારા.
રેખાબેન અને હરીશકુમાર સી. પંચોલી (યુ.કે)
અલ્પા અને નિતેશકુમાર – ચિ.
– ચિ. ભાવિક

શ્રી નરેન્દ્રભાઈ હરિવલ્લભદાસ પંચોલી
શ્રીમતિ નિલાક્ષીબેન નરેન્દ્રકુમાર પંચોલી
શ્રી કેયૂર નરેન્દ્રકુમાર પંચોલી
શ્રીમતિ સ્નેહા કેયૂરકુમાર પંચોલી
ચિ. આર્યન – ચિ. રૂદ્ર

'મા શક્તિ' દોલતબજાર, જયંત ઘંટી સામે,
રાજપીપલા, જિ. નર્મદા.
ફોન : ૦૨૬૪૦-૨૨૧૬૮૨ મો. ૯૯૦૯૯ ૧૪૩૨૪


# કાવ્ય કૂંજન

## હોળી......રસીયા



ખેલો ખેલો રે રંગ રસીયા તુમ રંગ સંગ હોલી
તા..તા..થૈયા (૨) ગોપી નાચે કાન્હા કરે ઠીઠોલી
ખેલો...ખેલો...રે હોલી

વૃન્દાવનમે રાધા ખેલે, ભરભર કર પીચકારી
કાન્હાને રાધે કી (૨) સારી ભિગોઇ મારકર પીચકારી
ખેલો...ખેલો...રે હોલી



રંગ ડાલકર ભિંગોડી ચુનરી, કાન્હા કરે અણખેલી
મસ્તીમે નાચે (૨) ગોપ ગોપીકા ખા કર ભાંગકી ગોલી
ખેલો...ખેલો...રે હોલી

ગોપ ગોપીકા સંગ સંગ નાચે, બનકર એક ટોલી
દૈયારે મેં..(૨) ભિંગોઇ ગઇ ! રાધે ઐસે બોલી
ખેલો...ખેલો...રે હોલી

સંગ સંગ બાજે ઢોલ મંજીરા, ઔર કરતાલ કી જોડી
મગન હોકે..(૨) રાધે સંગ નાચે ગોપીયોકી ટોલી
ખેલો...ખેલો...રે હોલી

અબિલ ગુલાલ અંગ પર ડાલે, સબ વ્રજમે ખેલે હોલી
'અધીર' હો ગઇ (૨) રાધે વ્રજમે ખેલત આંખ મિચૌલી
ખેલો...ખેલો...રે હોલી

અમૃત સી. પંચોલી-અધીર-મુંબઇ

## સમયને સાચવીએ......

ઉડાઉ, મૂર્ખ કે અવિચારી, જીવનમાં કદી ન બનીએ,
જીવનની જડી બુટ્ટી સમજી, સમયને સાચવી લઇએ...

જિંદગી કેટલી છે નાની, એ સહજ સમજી લઇએ,
બરબાદી જીવનની સમજી, સમયને સાચવી લઇએ...

જ્ઞાન, વિત્ત કે સ્વાસ્થ્યની, ન ચિંતા કદી કરીએ,
પુનઃપ્રાપ્ત કરી લેવા, સમયને સાચવી લઇએ...

પડે જો ખેંચ સમયની, સુઆયોજન કરી લઇએ,
ત્યજી દઇએ આળસને, સમયને સાચવી લઇએ...

પાછળ ટાલ છે સમયને, ને ઝૂલ્ફાં આગળ છે,
ઝડપી લઇએ આગળથી, સમયને સાચવી લઇએ...

કાળ છે ક્રુર ને ઉપદ્રવી, એ શાણાની શિખામણ છે,
અવકાશ મેળવી ક્ષણનો, સમયને સાચવી લઇએ...

ઘડે છે સમય માનવને, જીવનમાં કંઇક શીખી લઇએ,
સમયને ગુરૂ માનીને, સમયને સાચવી લઇએ...

ભુલીએ ભૂતની ભુલો, ને ભાવી તણા ભયને,
માણવા આજના સુખને સમયને સાચવી લઇએ...

વર્તી લો સમય સંગે, વહી જાય તે પહેલાં,
પાણી પહેલાં પાળ બાંધીને, સમયને સાચવી લઇએ...

નટુભાઇ પંચોલી-જબુગામ

## મઝધાર પાર કરાવશે....

ધોમ ધખતાં તાપમાં, જયાં છાંયડો ઝંખો તમે,
જીવ મારો વૃક્ષ થઇ, એજ ક્ષણે ત્યાં ઉગશે.

કાંટાળી કેડી પર, કંટકો તમને ચૂભશે,
હૈયું મારું ઉપવન થઇ, પુષ્પોની ચાદર બીછાવશે.

હર કદમ પર મુશીબતો, જીવન સફરમાં આવશે,
તનડું મારું ઢાલ થઇ, રક્ષણ તમોને આપશે.

અગણિત આ ઘા તો, વેદનાઓ સતાવશે,
દુઃખી તમોને નિહાળી, મુજ નયનો અશ્રુ ટપકાવશે

તોફાનમાં અસ્થિર થઇ, ઠોકરો ખાઇ પછડાશે,
હાથ તમારો ઝાલીને, મઝધાર પાર કરાવશે...

હરીશભાઇ સી. પંચોલી-સુરત

## હું શું કરું ? ? ?

શોધી રહ્યાં મુજ નયનો તમને પ્રિય
પણ તમો મૃગજળની જેમ દિશો તો હુ શૂ કરુ ?

ચૂંટી રહ્યો છું તમારા કેસમાં ગુલાબ નાંખવા પ્રિય
પણ હાથમાં કંટક આવેતો હું શુ કરું ?

ભુલાવી રહ્યો છું તમારી યાદને હું પ્રિય
પણ તમે હર કણ કણમાં દિશો તો હું શુ કરું ?

નિંદર લઇ રહ્યો છું, તમોને વિસરવા પ્રિય
પણ તમો સ્વપ્નમાં દિશોતો હુ શુ કરું ?

વિષપાન કરી રહ્યો છુ આ વિશ્વ છોડવા પ્રિય
પણ વિષ અમૃત બની જાય તો હું શું કરું ?

ગીરીશ એમ. પંચોલી-વડોદરા

નવયુગ શુભચિંતક | શ્રી નરેન્દ્રભાઈ નારણદાસ પંચોલી | રાજપીપળા | સ્વ. યોગેશભાઈ બાબુભાઈ પંચોલી | રાજપીપળા

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

વિદ્યાથી મિત્રો માર્ચ મહિનો એટલે પરીક્ષાની સીઝનની શરૂઆત, ટેન્સનની શરૂઆત, આપણી સાથે સાથે માતાપિતાના ટેન્સનની પણ શરૂઆત.... ટેન્સન.. ટેન્સન.. ટેન્સન..

પરંતુ ટેન્સન હોવા છતાં પણ પરીક્ષા આપવી પડે છે. પાસ થવું પડે છે.. અને આખા વર્ષની મહેનતનું પરીણામ એટલે...પરીક્ષાનું રીઝલ્ટ. દરેક માતાપિતાને પણ થતું હોય છે કે મારા બાળકનું રીઝલ્ટ સારું આવે.. બાળમિત્રો આખા વર્ષનો કોર્ષ પુરો કરવાનો હોય એટલે પરીક્ષાના થોડા દિવસ બાકી રહે એટલે પુનરાવર્તન ઝીંદાબાદ.

પરીક્ષા હોય અને બાળમિત્રોને પૂછીએ કેમ છો મઝામાં છો ને ? જવાબ મળશે આ અંગ્રેજી, ગણિત વિગેરેમાં કોર્ષ બાકી છે...કાંઇ સમજ પડતી નથી વિગેરે... પરંતુ

અનેક પ્રશ્નો પત્રો દેખાડતી, ઝૂમઝુમ પગલાં પાડતી, કયારેક કયારેક ડરાવતી આપની વાર્ષિક પરીક્ષા આવી રહી છે બરાબરને ? પરંતુ પરીક્ષાથી વળી ડરવાનું કેવું ? હજી તો ઘણો સમય બાકી છે. આટલા સમયમાં તો ઘણી તૈયારી થઇ શકે. તમે ચોકકસ સફળ થઇ શકો છો... અને તે માટે જરૂર છે પુનરાવર્તન, સમયનું આયોજન વગેરે પગથીયા સર કરવાનું..

માટે ચિંતા કરશો નહી. જરાપણ ડરશો નહીં. આખા વર્ષ દરમ્યાન તમે કરેલી મહેનત રંગ લાવશે. ઉચ્ચ ક્રમાંકના ધ્યેય સાથે મંડી પડો. ભગવાનને સદાય તમારી સાથે જ છે તમારો વિજય નિશ્ચિત છે.

તો તૈયાર થઇ જાવ તમારા માટે સફળતાની સીડી લાવ્યો છું... તેના પગથીયા રૂપે આપેલ સુચનો અને માર્ગદર્શનોને દ્રઢતાપૂર્વક અનુસરો. તમે પરીક્ષામાં ઝળહળતી સફળતાની ઉંચાઇએ અચૂક પહોંચી જશો.

મુંબઇના એચ.એસ.સી.બોર્ડના વિદ્યાર્થીઓએ ડો. અબ્દુલ કલામને ઇ-મેલ કર્યો હતો : પરીક્ષાનો ડર કાઢવા અને શ્રેષ્ઠ માર્કસ લાવવા શું કરવું ? ડો. અબ્દુલ કલામે જવાબ આપ્યો હતો કે પરીક્ષાથી ડરનારા કાયર અને આળસુ છે. આયોજન પૂર્વક મહેનત કરે અને પુનરાવર્તન થાય તો પરીક્ષા રમત જેવી લાગે છે..બોર્ડની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ વારંવાર કહે છે કે આખા વર્ષ દરમ્યાન પુષ્કળ મહેનત કરી હોય, પરંતુ છેલ્લે પુનરાવર્તન બરાબર ન થાય તો સફળતા મળતી નથી.

પુનરાવર્તન માટે આટલું અવશ્ય કરો...પરીક્ષાના બાકી રહેલ દિવસો ગણી જેટલા વિષયો હોય તેને જરૂરીયાત મુજબ વહેંચી સમયપત્રક બનાવો..

દરેક વિષયનો સમય મૂડ પ્રમાણે નકકી કરો.દાત. રોજ સવારે ગણિત, બપોરે ગુજરાતી અને સાંજે વિજ્ઞાન, રાત્રે સામાજીક વિજ્ઞાનનું પુનરાવર્તન કરવાનું નકકી કર્યુ હોય તો દરરોજ તે વિષયનો સમય એ જ રાખવો. આમ થોડા દિવસમાં બે-ચાર વિષયનું પુનરાવર્તન કરી શકાય. થોડા દિવસો એકસ્ટ્રા રાખવા કે જેથી છેલ્લે કટોકટી ઉભી ન થાય. આમ આયોજન બધ્ધ કાર્ય કરશો તો પરીક્ષા તમારા ચરણોમાં ઝુકી જશે...અને સાથે સાથે અમારા સૌની શુભેચ્છાઓ પણ છે...જ

ઉપરોકત થોડી ટીપ્સ આપી છે આપને ગમી હશે. એને અનુસરશો...એવી આશા રાખું છું..

વિશેષમાં સમાજ ધીરે ધીરે વાયબ્રન્ટની દિશામાં પ્રગતિના પંથે પ્રયાણ શરૂ કરી દીધી છે... એકમોએ સમાચારો મોકલવા માંડયા છે...પાલવિભાગમાંથી નસવાડી એકમના સમાચાર પ્રગટ કરતાં આનંદ અનુભવું છું..મારા ખ્યાલ મુજબ અને નવયુગના આટલા વર્ષના છાપકામ દરમ્યાન કદાચ આ પ્રથમવારનો જ અહેવાલ છે....ખૂબ ખૂબ અભિનંદન પ્રમુખશ્રી ચંપકભાઇ એમ. પંચોલી અને મંત્રીશ્રી હિરાભાઇને...બાકીના એકમો જાગો...આપણી પણ વાયબ્રન્ટ પંચોલી સમાજ બનાવવાની જવાબદારી છે.

વાયબ્રન્ટ એકમ સ્પર્ધા અંગેની માહિતી ટુંક સમયમાં મળી જશે. તો તે પ્રમાણે તેનો અભ્યાસ કરી વધુને વધુ પોઇંટ મળે તે માટે આયોજન કરશો. સ્પર્ધા ૧.૪.૨૦૧૩થી શરૂ થશે. સૌ પ્રથમ તો દર મહિને તમારા એકમના સમાચાર મોકલી શરૂઆત કરશો. માર્ચ મહિનો પુરો થાય એટલે તમારા એકમના હિસાબો તૈયાર કરી તમારી સામાન્ય સભામાં મંજુર કરાવો. વેકેશનમાં બાળકો માટે નિબંધ, વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકશો. પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરશો. એકમના યુવક-યુવતિઓનું ગ્રુપ બનાવી તેમને સક્રીય કરશો. તેમનો મનપસંદ કાર્યક્રમ કરશો અને જવાબદારી પણ તેમને જ સોપશો.

મહિલા મંડળ માટે માર્ચ મહિનામાં મેદાનમાં રમતગમત અને એપ્રીલમાસમાં વાનગી હરીફાઇનું આયોજન કરશો. આ પ્રોગ્રામો આગામી નવયુગમાં આપ્યા જ છે એ પ્રમાણે આયોજન કરશો અને ઇનામોના હકકદાર બનશો...

આ તો જીવન છે, જીવતા શીખો !
સંબંધોમાં પડેલી દરારોને શીવતા શીખો !
ઘણીવાર આપી જાય છે, નાની નાની ભૂલો પણ વેદના,
દુ:ખોને પણ જીવનમાં વેઠતા શીખો !

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી - પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ....

વ્હાલા જ્ઞાતિજનો

૨૦૧૩નું વર્ષ ઘણાં ઉતાર ચઢાવ સાથે તેમજ ઘણાં પડકારો સાથે આપણાં રાષ્ટ્રને તેમજ સરકારને મુંઝવી રહ્યું છે. સાથે સાથે વાતાવરણમાં ઘણાં ફેરફાર જોવા મળી રહ્યાં છે. ગ્લોબલ વોર્મિંગના બદલે હિમપ્રપાતના દિવસોનો સામનો દુનિયા કરી રહી છે. આપણે આ બધા સંજોગોમાં પણ નવા વર્ષને ખુશીથી આવકાર્યું સાથે ૨૬મી જાન્યુઆરી પણ રંગે ચંગે મનાવી, મકરસંક્રાતિ તેમજ વેલેન્ટાઇન ડે પણ ઉજવ્યો કારણ ઉજવણી એ આપણાં સંસ્કાર છે. ચાહે એ જન્મતિથિ હોય, મરણ તિથિ હોય, લગ્નતિથી હોય / તારીખ હોય આપણે સ્વભાવગત આપણી સંસ્કૃતિ કોઇપણ સંજોગોમાં પ્રતિકુળમાંથી અનુકુળ તરફ પ્રયાણ કરાવે છે. હવે આપણે મહાશીવરાત્રી અને હોળી, ધૂળેટી રંગેચંગે ઉજવવા માટે તૈયાર છીએ. તે સાથે આપણે આપણી લગ્નસીઝન પણ મન મુકીને માણી રહ્યા છીએ. વિદ્યાર્થી મિત્રો તેમની પરીક્ષાની તૈયારી કરી રહ્યા હશે.

ફરી એકવાર વિદ્યાર્થી મિત્રોને શુભેચ્છા સંદેશ આપી આવનારી પરીક્ષામાં જેવી કે SSC/HSC કે શાળા કોલેજોના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષામાં એકાગ્રતાથી વાંચન કરીએ ધ્યાનથી બધી શકિત કારકિર્દી બનાવવા માટે વાપરે અને પ્રમાણિકતાથી સફળતા પ્રાપ્ત કરે. પરમકૃપાળુ પરમાત્મા સાચે જ પ્રમાણિક પ્રયત્ન કરનારને ધારવા કરતા સારી સફળતા આપે જ છે. શુભેચ્છા...મિત્રી બેસ્ટ ઓફ લક

આ સાથે જ્ઞાતિ સમાજમાં ચાલી રહેલી લગ્ન સીઝનમાં જે કોઇ નવપરણિત દંપતિ લગ્નગ્રંથીથી જોડાયા છે તેમને તેમના સંસારમાં સુખ-શાંતિ, સમૃદ્ધી પ્રાપ્ત થાય અને જીવનમાં લગ્ન જિંદગી સફળ થાય એવી અંતરથી શુભેચ્છા અને આ સીઝનમાં રહી ગયેલા જે હવે પછી લગ્નગ્રંથીથી જોડાવાના છે તેમને પણ તેમના પ્રસંગો ખુશી આનંદથી પાર પડે એવી શુભેચ્છા અને લગ્નબાદ તેઓ પણ જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધી પ્રાપ્ત કરી સફળ સંસાર જીવન વિતાવે એવી શુભેચ્છાઓ..

બીજુ ખાસ હું ઘણી વખત આપણી પાસે વિનંતી કરી ચુકયો છું કે આપણા સમાજની જે કોઇ પ્રવૃત્તિ ચાલે છે તેમાં તમારો પ્રેમ, સહકાર આપો અને દરેક પ્રવૃત્તિને સફળતા પ્રાપ્ત કરાવો.

વેબ સાઇટને ત્રણ વર્ષ પુર્ણ થયાં પરંતુ અફસોસ છે કે મોટા એકમો તેમાં પોતાની વિગતો સામેલ કરવા કેમ તૈયારી રાખતા નથી ? તમને તમારી વિગતો વેબ સાઇટ પર મૂકવા માટે મુશ્કેલી હોય તો વેબસાઇટ ચેરમેન શ્રી હેમંતભાઇ મિસ્ત્રીનો સંપર્ક કરી આગળ વધશો.

આપણે હંમેશા કોઇપણ કાર્ય કરતી વ્યકિતને ઉતારી પાડવા કે તેમની ભુલો શોધવા અથવા તેમને તેમના કાર્યમાં અસહકાર કરવા માટે હંમેશા તૈયાર રહીએ છીએ. તેના બદલે સમાજનું કાર્ય કરનારી વ્યકિત આપણી પગારદાર નથી કે નથી તેમને કોઇ અન્ય લાભ મળતો, તો પછી જે કોઇ કાર્યકર કે હોદ્દેદાર તેમનો કિંમતી સમય અને આર્થિક ઘસારો વેઠીને જો સમાજનું કાર્ય કરતાં હોય તો તેને બીરદાવો નહીં તો ચાલશે પણ તેમને અવરોધવાનું બંધ કરી પ્રેમ અને સહકાર આપશો એવી વિનંતી છે. કારણ કે મ્યુ. કોર્પોરેશનમાં કોર્પોરેટર હોય, વિધાનસભામાં ધારાસભ્યો કે સંસદમાં સંસદસભ્ય હોય તેમને અમુક પ્રકારની સત્તા અને આવક પ્રાપ્ત થાય છે. એ હુકમ કરી શકે છે, ત્યારે જ્ઞાતિ, સમાજ કે ટ્રસ્ટની વ્યકિત નથી કોઇ સત્તા પ્રાપ્ત કરતાં કે નથી કોઇ આવક પ્રાપ્ત કરતાં, તો પછી એ પોતાનો કિંમતી સમય અને અન્ય રીતે ઘસારો વેઠતા હોય તેમના કાર્યમાં સહકાર આપવો એ આપણી ફરજ છે કે નહી ? ? ? કામ કરનાર વ્યકિતને તમે હંમેશા નિશાન બનાવો તો તેને વિચારવાની ફરજ પડે છે કે આ સમય મે મારા માટે કે કુટુંબ માટે ઉપયોગ કર્યો હોત તો મને કંઇક પ્રાપ્તિ થાત. જયારે પણ કોઇપણ વ્યકિત પોતાના અંગત રસ કે લાલચ વગર સામાજિક પ્રવૃત્તિમાં જોડાતો હોય ત્યારે વિરોધ કરવા ખાતર તેનો વિરોધ કરવો કેટલો યોગ્ય ગણાય ? મારા અનુભવ પ્રમાણે સમાજમાં જો યુવા વર્ગને સમાજથી વિમુખ થતાં અટકાવવા હોય તો આવી પ્રવૃત્તિ બંધ કરી દરેકને પ્રેરણા આપો, સહકાર આપો, જુઓ પછી કુટુંબ હોય કે સમાજ, શહેર હોય કે રાજ્ય કે દેશ, સંગઠન શકિતનું પ્રતિબિંબ કેવું પડે છે ? જયાં સંપ-એકતા-સંગઠનસહકારની ભાવના હોય એવી સંસ્થા કે કુટુંબોની પ્રગતિનું અવલોકન કરી પોતાના હૃદય પર હાથ મુકી દરેક વ્યકિતએ વિચારવાની જરૂર છે કે હું સમાજ માટે શું કરી શકું ?

આવો સમાજના બુધ્ધિશાળી, ધનવાન, શકિતશાળી, યુવાનો, મહિલાઓ, વડિલો આપણે એક એવા સમાજનું નિર્માણ કરીએ જેમાં ન હોય રાગદ્વેષ, અભિમાન કે અશકયપણું પરંતુ હોય વિનમ્રતા, વિવેક, સંસ્કાર, સદાચાર, પ્રમાણિકતા, મહેનતકશ, હિંમતવાન, ધીરજવાન અને અનન્ય પ્રકારની શકિત બુધ્ધિ જુઓ પછી સેવા, સંગઠન, સહકાર કેવો રંગ લાવે છે ભુલી જાઓ મનભેદ, મતભેદ અને આગળ વધો પરમકૃપાળુ પરમાત્મા સાચે જ આપણે આવકારવા અને આપણાં સૌનું કલ્યાણ કરવા તત્પર છે. આશા રાખું છું ભુતકાળ ભુલી આગળ વધવામાં આપ મને સહકાર આપશોજી

ગીરીશચંદ્ર આઇ. ગજ્જર-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

નવયુગ શુભચિંતક કું પૂજા દિનેશચંદ્ર કાલીદાસ પંચોલી યુ.કે. શ્રી પંચોલી સમાજ - બોલ્ટન યુ. કે.

# વિરાટ વ્યકિતત્વ
# સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી



૧૯૬૨ના અરસામાં સમગ્ર પંચોલી સમાજને એક સૂત્રે બાંધવા માટે મહામંડળ જેવી સંસ્થા રચવાનો વિચાર સમાજના કેટલાક મહાનુભાવોને આવ્યો હતો. તેમાના એક મહાનુભાવ તે મુંબઇના સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી.

સંજોગોવસાત પ્રાથમિક શિક્ષણ ન પણ પુરૂ ન કરી શકેલા જમુભાઇએ ફરનીચરના વ્યવસાયમાં અસાધારણ સફળતા મેળવી. લક્ષ્મીજીની એમના પર એટલી બધી કૃપા કે સમાજના ઉદાર દાતા તરીકે પંકાયા. ઘણાં વર્ષો પહેલાં મહામંડળમાં બે લાખ રૂપિયાનું માતબરદાન આપી વિધવા નિરાધાર ફંડની સ્થાપના કરી.

જમુભાઇના અવસાનના સમાચાર જાણી એક જ વિચાર બધાનાં મનમાં આવ્યો કે આપણે એક ઉદાર દાતા ગુમાવ્યો. એમનું વ્યકિતત્વ વિરાટ હતું. સમાજનું હિત એમના હૈયે હતું. મિટીંગમાં દલીલ કરવા ઉભા થાય તો સૌ એની વાણીના પ્રવાહમાં ખેચાય જતા. સ્વભાવે પણ સરળ, વિવેકી એવા જમુભાઇને પૈસાનું જરાપણ અભિમાન નહિં. ગરીબીનો અનુભવ કરેલો એટલે સમાજમાં વિધવા બહેનો અને નિરાધાર જ્ઞાતિજનો માટે એમના દિલમાં ભારોભાર અનુકંપા હતી. અમારા જેવા કેટલાક ને તો એમણે સુચના જ આપી રાખેલી કે તમને એવું લાગે કે આ વ્યકિતને તાત્કાલિક મદદ કરવા જેવી છે તમારે એમને અમુક મર્યાદામાં રહી પૈસા આપી દેવા, અને પછી મારી પાસે લઇ લેવા. અને એ પ્રમાણે જરા પણ દલીલ વગર અમને એ જે તે રકમ આપી દેતા.

કેટલીક વાર એમને મળ્યાને ઘણો સમય થઇ ગયો હોય ત્યારે અમને પણ થતું કે જમુભાઇને મળાયું નથી એટલે અમે ખાસ મળવા જતા. ત્યારે અમે ના કહીએ છતાં ભોજન કે ચ્હા-પાણી નાસ્તા વિના આવવા ન દે, અને કહેતા કે આવ્યા છો તો મહામંડળ માટે કે ઉનાઇ ધર્મશાળા માટે કાંઇક તો લેતા જાઓ. અમે કહેતા કે માત્ર મળવા માટે જ આવ્યા છે કાંઇ જ જરૂર નથી છતાં પણ એ કાંઇક તો આપતાં જ...

વડોદરા મુકામે ભણતા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય અંગે ડો. મહેશભાઇ મિસ્ત્રી હતા ત્યારે ચક્રો ગત્યમાન થયા ત્યારે શ્રી જમુભાઇએ ૧ લાખ રૂપિયાના દાનની જાહેરાત કરી અને ૨૫,૦૦૦/-રૂા. રોકડા આપ્યા હતા. પણ આ પ્રોજેક્ટ શક્ય ન બનતા રૂા. ૨૫,૦૦૦/- તેમને પરત કરવા પડયા હતાં. તેનો રંજ અમોને હજી પણ છે.

સમસ્ત પંચોલી સુથાર જ્ઞાતિ સમાજની એક માત્ર મિલ્કત એટલે ઉનાઇ ધર્મશાળા. એના વિકાસમાં પણ એમને ઘણો રસ. છેલ્લે હમણાં છ માસ પહેલા પણ એમણે રૂા. ૧,૫૦,૦૦૦/- ધર્મશાળાના હોલના એકસટેન્સનના કામમાં દાન આપ્યું એ નવો હોલ બની ગયો. અમારી સૌની ઇચ્છા કે એમને ઉનાઇ લઇ આવી બની ગયેલ હોલ બતાવીએ. પણ તે પહેલાં જ ભગવાનનું તેડું આવ્યું અને અમારી ઇચ્છા અધુરી રહી...

એમના કુટુંબમાં પરિવારના લગભગ બધા જ એમને 'બાપુ' તરીકે સંબોધન કરતાં. સમય જતાં મુંબઇ સમાજમાં પણ બાપુ તરીકે જ ઓળખાતા થયા. વર્ષો સુધી મુંબઇ સમાજની મિટીંગ હંમેશા જમુભાઇના ખેતવાડી મેઇનરોડ વાળા નિવાસ સ્થાન 'કિશોર ભુવન'માં જ મળતી હતી.

વ્યવસાય માંથી રીટાયર થયા પછી પણ એમની સેવા પ્રવૃત્તિ ચાલુ રહી. ગણદેવી નાનકડું ગામ. પંચોલી જ્ઞાતિના માંડ થોડા ઘરો. છતાં એમણે વિચાર્યુ કે વાડી બનાવવી છે. તેઓ જાતે ગામે ગામ ફરી ફાળો ઉઘરાવ્યો અને ગણદેવી વાડીનું પાકું મકાન બનાવી એક રચનાત્મક કામનું ઉદાહરણ પુરૂં પાડયું.બીલીમોરાના વસવાટ દરમ્યાન દ્વારકાધીશ મંદિર, જલારામ મંદિર, ગાયત્રી મંદિર વિગેરેના બાંધકામમાં આર્થિક ફાળો આપ્યો એટલું જ નહીં વહીવટમાં પણ નોંધપાત્ર સેવા આપી. બીલીમોરામાં પણ કોઇ ન જાણે તેમ ઘણાને આર્થિક સહાય કરતા રહેતાં પણ કદી એમની જાહેરાત ન કરતા હતા.

મહામંડળમાં જ્યારે જ્યારે એમને લાગે કે પ્રવૃત્તિમાં સ્થગિતતા આવી ગઇ છે. ત્યારે મીટીંગમાં આવી ચર્ચા વિચારણા કરી મહામંડળને પ્રવૃત્તિશીલ બનાવવા જરૂર પડયે સુકાન યોગ્ય વ્યકિતના હાથમાં સોંપવામાં અગ્રગણ્ય ભાગ ભજવતા કારણ કે વ્યકિત પારખવાની શકિત એમની પાસે અદ્દભુત હતી.

જમુભાઇના સ્વર્ગવાસથી આપણે ઉદાર દાતા, સારા વ્યવસ્થાપક, નિરાભિમાની વ્યકિતત્વના સ્વામી અને સમાજના સાચા હિતચિંતક ગુમાવ્યા છે એમ કહીએ તો અતિશયોકિત નથી. પ્રભુ એમના આત્માને પરમશાંતિ આપે અને મંગલ મંદિરમાં સ્થાન આપે એજ પ્રાર્થના અને એમના અધૂરા રહેલા કાર્યોને પૂર્ણ કરવા એમનો પુર્નજન્મ પંચોલી સમાજમાં જ થાય એજ અભ્યર્થના સહ પ્રાર્થના....

નવયુગ શુભચિંતક શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા મુંબઇ શ્રી હરકીશનદાસ છગનલાલ કાપડીયા મુંબઇ

# શ્રદ્ધાંજલિ
# સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી

જીતેન્દ્રભાઇ એન. મિસ્ત્રી
મુંબઇ

'જમુભાઈ'ના હુલામણાં નામથી પ્રિય એવા બીલીમોરા નિવાસી શ્રી જમનાદાસ ભગવાનજી પંચોલી સંવત ૨૦૬૯ના પોષવદ ૫ને શુક્રવાર તા. ૧.૨.૨૦૧૩ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે જીવનદીપ બુઝાયાના દુઃખદ સમાચારથી આત્મિય સ્વજનો, વિશાળ પરિવારજનો, સ્નેહી, મિત્રગણ, વ્યાપારીકક્ષ તેમજ સમસ્ત પંચોલી જ્ઞાતિ સમાજ ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યો છે.

સૌમ્ય અને સદાય પ્રસન્ન ચહેરો, ધર્મપારાયણતા અને સંસ્કાર સિંચન, સાહસ, આત્મવિશ્વાસ, આગવી સુઝ અને અપાર ધૈર્ય જેવા ગુણોના સમન્વયી એવા તેઓ શાહ સૌદાગર સમા હતાં. પોતાનાં કાર્યોમાં વિશ્વાસ, દ્રઢ મનોબળ અને પરમાત્મા પ્રત્યેની અડગ શ્રદ્ધાથી તેઓએ વિટંબણાઓ વેઠી પોતાના ધ્યેયને વરી પૂરૂષાર્થ જ સફળતાનો આધાર સ્તંભ છે એ સાબિત કર્યું. ધંધા પુરતા મર્યાદિત ન રહેતા સામાજિક ઉન્નતિ અર્થે અકિંચન સેવા આપી વિવિધ ક્ષેત્રે સુવાસ ફેલાવી.

શાંત સ્વભાવ, મૃદૃભાષી છતાં શેહમુકત સ્પષ્ટ વકતા અને મુત્સદી વ્યકિતત્વ ધરાવનાર ઉપરાંત સાહસ અને સમાધાનનું મિશ્રણ તેમની રગેરગમાં હતું. સબંધો બાંધવામાં બાદશાહ અને જાળવવામાં શહેનશાહ. વળી સબંધોમાં ઘસારો પણ ખમી લે એવા ખમીરવંત.

સમસ્ત પરિવારના મોભી, સેતુ સમાન વાત્સલ્યમૂર્તિ, માણસાઇના મીનારા સમા, દિલના દિલેર, વાણી વર્તનથી નખશીખ સૌજન્યતાની મૂર્તિ, સમાજના નિષ્ઠાવાન મુરબ્બી માર્ગદર્શક અને શુભચિંતક હતાં. વસુદેવ કુટુંબકમ્ જેનો મંત્ર હતો, લોકકલ્યાણની ભાવનાથી જેમનું હૃદય ધબકતું રહ્યું અને કેટલું જીવ્યા તે મહત્વનું નથી પણ કેવું જીવ્યા તે અગત્યનું છે તે તેમણે જીવનમાં સાર્થક કરી બતાવ્યું.

પૂણ્યયોગે પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો ખૂબ જ ઉલ્લાસ પૂર્વક સદુપયોગ કરી સમાજમાં તન-મન અને ધનથી યશસ્વી સેવા આપી જીવન ધન્ય બનાવ્યું. અનુભવ પ્રસન્ન અને દિર્ઘદ્રષ્ટા એવા તેઓ ટ્રસ્ટ અને દાન વચ્ચેનો મહિમા બહુ ગહન અર્થમાં સમજતા હતાં. ટ્રસ્ટ બનાવી ટ્રસ્ટીની નિમણૂંક કરવાથી ટ્રસ્ટી કદાપી તે રકમનો માલિક કે હકદાર બની જતો નથી પણ 'વિશ્વાસુ વહીવટી' તરીકે જ કામ કરે છે. જયારે દાન કે સખાવત કરવાથી દાન મેળવનાર વ્યકિત કે સંસ્થા આપો આપ તે રકમના પૂર્ણ માલિક બની જાય છે. આવા ઉમદા વિચારોને કારણે જ કદાચ તેમણે મોટી રકમો સમાજને દાનના રૂપમાં અર્પણ કરવાની પસંદગી કરેલ સાચે જ સમાજે પણ ઋણ રૂપે સમાજના 'તાતા-બીરલા'ની ઉપમાં આપી તેમને બીરદાવ્યા.

પરમાર્થ કાર્યોના મહારથી શ્રી જમુભાઇ અને તેમના ધર્મપત્ની વિરમતિબેન એટલે જલારામબાપા અને વિરબાઇની અડીખમ જોડી. કંઇક આશા લઇને આંગણે આવનાર દરેક વ્યકિતને વિવેકથી આવકાર, આદર અને પ્રેમભાવ આપી આ પરોપકાર જોડીએ કદી પણ ખાલી હાથે જવા દીધા નહોતા.

સેવા સમાજ મુંબઇના ઘડતર અને વિકાસયાત્રામાં એમનું યોગદાન અતિ મહત્વનું રહ્યું. વર્ષ ૧૯૬૪માં પ્રમુખસ્થાન શોભાવી ૮ વર્ષ સુધી કારોબારીના સભ્ય તરીકે અને ૮ વર્ષ સુધી ખજાનચી પદેથી સેવા આપી સંસ્થાને ગતિશીલ બનાવ્યું.

વર્ષ ૧૯૬૯-૭૦માં મહામંડળના પ્રમુખપદે ચૂંટાઇ આવી તેમના અનુભવ અને વિચારશકિત નો લાભ આપ્યો. બાદમાં ૫ વર્ષ સુધી કારોબારી સભ્ય તરીકે સેવા બજાવી.

વિશેષમાં ઉનાઇ પંચની વાડી ના જીર્ણોદ્ધાર માટે અગ્રેસર રહી અથાગ જહેમત ઉઠાવી પ્રસંશનિય યોગદાન આપ્યું.

ધર્મમાં આસ્થાના ઓજસ પાથરનાર ધર્મપ્રેમી એવા તેમણે બીલીમોરા ગામમાં શ્રી દ્વારીકાધિશ મંદિર, ગાયત્રી મંદિરના નિર્માણ કાર્યમાં ટ્રસ્ટી તરીકે અનુપમ સેવા અને દાન ધરી ધાર્મિક ક્ષેત્રે પણ સાથીયા પૂર્યા.

વર્ષોથી સમાજના રચનાત્મક અને સાંસ્કૃતિક કાર્યોમાં સંકળાયેલા સતત કાર્યશીલ અને ધગશપૂર્ણ સાથ સહયોગ આપનાર લાગણીમય ભાવવાળા ઉપરાંત સમય, શકિત, સામર્થ્યના સથવારે સેવાના સંકલ્પનિષ્ઠ, સજાગ સુત્રધાર હતાં.

જીવન અને મરણ એતો કુદરતનો વણલખ્યો નિયમ છે. છતાંય સદ્ગતની ઉપસ્થિતી નથી એ વાત મન માનતું નથી.

જીવનના બે કીનારા છે, એક જન્મ અને બીજો મૃત્યુ. મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે એટલે એક કીનારો નકકી થઇ જાય છે પણ બીજો કીનારો કયાં છે ? કયારે આવશે ? કયારે મળશે ? તેની કોઇને ખબર નથી. આ બે કીનારા વચ્ચે જ માનવી સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, ચડતી-પડતી વિગેરે વિધીના લેખ પ્રમાણે જીવન પસાર કરે છે. જીવનની નૌકાને જે

માનવી વાણી-વર્તન, નિષ્ઠા અને સચ્ચાઈના હલેસા મારે છે તે જીવનના બીજા કિનારે સરળતાથી પહોંચી જાય છે.

જેમણે શૂન્ય માંથી સર્જન કર્યુ, ધર્મ અને નિતિનું પાલન કર્યુ. સ્વનું શ્રેષ્ઠ સમાજને અર્પણ કર્યુ. સુખનો સાગર અર્પણ કરીને શ્રીજી ચરણે પ્રયાણ કર્યુ. એવા સદ્ગતશ્રીનો નશ્વર દેહ ભલે અનંતમાં વિલીન થઇ ગયો હોય પણ એમના સત્કાર્યો દ્વારા તેઓ સમાજ સાથે હંમેશ ચિરંજીવ રહેશે..એમાં કોઇ શક નથી. આવી બહુમુખી પ્રતિભાની ખોટ સમાજને હરહંમેશ રહેશે.

અંતે સંસ્કારરૂપી ઉદ્યાનમાં તેમણે ખીલવેલા પુષ્પોનો પમરાટ અને મઘમઘાટ સમગ્ર વાતાવરણમાં પ્રસરી રહે એવી પ્રાર્થના સાથે પ્રભુના સાનિધ્યમાં તેમના અવિનાશી અને પવિત્ર આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ મળે એજ અમારા સૌના શ્રદ્ધાંજલી પુષ્પો.....

# વડિલોની સ્વાસ્થ્ય સમસ્યા..

'વડિલો' અને 'સ્વાસ્થ્ય સમસ્યા' એકબીજાના પર્યાય જણાય છે. ચિકિત્સા વિજ્ઞાનની ઝડપી પ્રગતિ સાથે રોજ નવી નવી દવાઓ, નવી સારવાર પધ્ધતિઓ અને નવી નવી ટેકનિકો શોધાતી જાય છે પરિણામે માનવ જાતના આયુષ્યમાં વધારો થયો છે. મૃત્યુ દર ઘટયો છે પરંતુ વડિલોની સ્વાસ્થ્ય સમસ્યામાં વધારો થયો છે.

વડિલોની સ્વાસ્થ્ય સમસ્યાના ઘણાં કારણો છે. રોગો સબંધે અપૂરતુજ્ઞાન, ભ્રાન્ત માન્યતાઓ, અનિયમિત જીવન શૈલી, વ્યસનો, પ્રદૂષણો, પર્યાવરણમાં થતાં ફેરફારો, સ્વસ્થતાનો અભાવ-અજ્ઞાન, સામાજિક અને આર્થિક પરિબળો. આનુવાંસિક કારણો, જીવન પ્રત્યેનો નકારાત્મક અભિગમ વગેરેને કારણે હૃદયરોગ, ડાયાબીટીસ, બી.પી. વગેરે જેવા રોગો વડિલોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**વૃદ્ધાવસ્થામાં આવતા શારીરિક ફેરફાર :** ઉંમર વધતા સાહજિક ફેરફારો થવા સાહજિક છે. બાળક-કુમાર -તરુણ-યુવા -પ્રૌઢ-વૃદ્ધ એમ દરેક અવસ્થામાં ફેરફાર થતા રહે છે. વૃદ્ધાવસ્થાના આવા ફેરફારોને રોગ માની લેવાની નાનકડી ભુલ નાનકડી તકલીફ વિકરાળ સમસ્યા બની જાય છે.

ઉંમર વધવા સાથે નીચે મુજબના શારીરિક ફેરફારો થાય છે.

❖ શરીરમાં હોર્મોન્સ(અંતઃસ્ત્રાવો) ઘટવાથી ચરબીમાં વધારો થાય છે. જેથી શરીરમાં સ્થૂળતા આવે છે. ❖ હાડકાંમાં કેલ્શિયમ ઘટે છે જેથી હાડકાં પોલાં, નબળા અને બરડ બને છે જેથી સાધારણ અથડામણ, ઠોકર કે ટકકરથી ફેકચર થઇ જાય છે. ❖ ફેફસાંની સ્થિતિસ્થાપકતા ઘટતાં તેની કાર્યક્ષમતા ઘટે છે પરિણામે દોડતાં, દાદરા ચડતાં હાંફ ચડે છે. ❖ સ્નાયુઓની કાર્યક્ષમતા ઘટવાથી 'પહેલા જેવું કામ થતું નથી'ની ફરિયાદો વધે છે. ❖ રોગ પ્રતિકારક શકિત ઘટતાં ઝડપથી ચેપ લાગી શકે છે. ❖ સાંભળવાની ક્ષમતા ઘટે છે આથી બહેરાસ આવે છે. ❖ મોતિયો આવે છે. ❖ યાદશકિત ઘટે છે. ❖ પાચન શકિત મંદ થાય છે. કબજિયાત થાય છે. ❖ સમતોલન જાળવવામાં તકલીફ થતાં પડી જવાય છે.

વૃદ્ધાવસ્થા દરમિયાન જોવા મળતા રોગો :

બ્લડ પ્રેશર(બી.પી.), હૃદયરોગ,લકવો, ડાયાબીટીસ, સાંધાનો, કમરનો દુઃખાવો, સાંધામાં સોજા, ગાઉટ, પ્રોસ્ટેટ ગ્રંથીના સોજાને કારણે પુરૂષોમાં થતી તકલીફો, આંખ, દાંત અને કાનની તકલીફો. કેન્સર. વિટામીન બી-૧ર, વિટામીન-ડી તથા કેલ્શિયમની ઉણપના કારણે થતી તકલીફોનું પ્રમાણ વધ્યું છે. પરંતુ ખૂબ જ સામાન્યપણે જોવા મળતા છૂપા કાતિલ(સાયલન્ટ કિલર) કહેવાતા રોગો વિશે જાણીશું..

**બ્લડ પ્રેસર-હાઈપર ટેન્સન-બી.પી. :** આપણાં શરીરના દરેક કોષો સુધી લોહી પહોંચે તે માટે એક નિશ્ચિત લોહીનું દબાણ જરૂરી છે પરંતુ આ દબાણ કરતાં વધુ દબાણથી લોહી પરિભ્રમણ કરે તો તેને હાઇ બ્લડ પ્રેસર, હાઇપર ટેન્સન કહેવાય. તંદુરસ્ત વ્યકિતનું ઉપરનું બ્લડ પ્રેસર (સીસ્ટોલીક) ૧૪૦ મી.મી. અને નીચેનું બ્લડ પ્રેસર(ડાયસ્ટોલીક) ૯૦ મી.મી. હોય છે. આ મર્યાદા ઉપર દબાણ આવે તો બી.પી રોગની સંભાવના કહેવાય. હૃદયને વધારે શ્રમ કરવા પડતી પરિસ્થિતિમાં રૂધિરવાહિનીઓ વધુ દબાણ સહન કરી શકતી નથી તેથી તે ફાટી જાય છે અને હાર્ટ એટેક, હૃદય પહોળુ થવું, લકવો, કિડનીના રોગો, આંખે દેખાતું બંધ તવું, નસકોરી ફૂટવી વિગેરે જેવી બિમારીઓ થઇ શકે છે.

હાઇબ્લડ પ્રેસરના કોઇ ચિન્હો નથી. કયારેક માથુ દુઃખવું, ચકકર આવવાં, કાનમાં તમરા બોલવા, મૂર્છા આવવી વગેરે લક્ષણો જોવામાં આવે છે. આવા લક્ષણો બીજી બિમારીમાં પણ જોવા મળે છ. આવા લક્ષણો હોય તો બી.પી. છે અને ન હોય તો બી.પી. નથી એવું ના કહેવાય.આ માટે ડોકટર બી.પી. માપે તે જરૂરી કહેવાય.સામાન્ય રીતે બીજી કોઇ બિમારી કે હેલ્થ ચેકઅપ કરાવતી વખતે આકસ્મિક રીતે હાઇ બ્લડ પ્રેસરનું નિદાન થતું હોય છે. હાઇ બી.પી. એ ખતરાની ઘંટી છે. તેને લીધે અનેક તકલીફો થઇ શકે છે માટે તેનું જલ્દી

નિદાન અને જીવનભર દવા જરૂરી છે. હાઇપર ટેન્સન માટે અનેક અકસીર દવાઓ ઉપલબ્ધ છે. ડોકટરની સલાહ મુજબ દવા લો. નિયમિત બ્લડ પ્રેસર મપાવતા રહો. દવાઓ ઉપરાંત નિયમિત વ્યાયામ-યોગ, ખોરાકમાં અથાણું, પાપડ, ચટણી, અતિ મરચુ વગેરે બ્લડ પ્રેસરની સમસ્યા હળવી કરવા મદદરૂપ થાય છે.

**હૃદય રોગ :** રકતવાહિનીઓમાં અવરોધ થવાથી કે ણદયના વાલ્વ અને અન્ય કારણો સર હૃદયની કામગીરીમાં અડચણ આવે છે. પરિણામે લોહી શરીરના કોષોને તેમજ ખુદ હૃદયને પણ પહોંચતું નથી આ પરિસ્થતિ હૃદયરોગનો હૂમલો 'હાર્ટ ઍટેક' કહેવાય છે.

**હૃદય રોગના લક્ષણો :** છાતીના ડાબા ભાગમાં અસહ્ય વેદના, પેટના ઉપરના ભાગમાં દુઃખાવો, કયારેક ડાબા સાંધા સુધી દુઃખાવો, ખૂબ જ પરસેવો થાય, ઉલટી-ઉબકા આવે. આવા લક્ષણો જણાય તો ઘરગથ્થુ ઇલાજો કરવામાં સમય ન બગાડયા વિના તાત્કાલિક ડોકટરનો /સારી હોસ્પિટલનો સંપર્ક કરવો

**ડાયાબીટીસ-મધુપ્રમેહ-મીઠી પેશાબ :** આપણાં શરીરમાં આવેલ સ્વાદુપિંડમાં ઇન્સ્યુલીન નામનો અંતઃસ્ત્રાવ ઉત્પન્ન થાય છે. તેનાથી સર્કરાનું પાચન થાય છે. આ ઇન્સ્યુલીન પ્રમાણસર ઉત્પન્ન ન થતાં શર્કરાનું બરાબર પાચન ન થતાંવધારાની સર્કરા પેશાબ દ્વારા શરીરની બાર નીકળે છે. આ પરિસ્થિતિ ડાયાબીટીસ-મધુપ્રમેહ-મીઠી પેશાબ કહેવાય છે.ડાયાબીટીસ થવાના કારણોમાં અનુવાંસિક-વારસાગત કારણો, સ્થૂળતા સ્વાદુપિંડના રોગો, થાઇરોઇડ, પિચ્યુટરી કે અન્ય અંતઃસ્ત્રાવી ગ્રંથીઓના રોગ, ધુમ્રપાન, દારૂનું વ્યસન, બી.પી, શારીરિક શ્રમ વિનાની, કસરત વિનાની દિનચર્યા, અસમતોલ આહાર વિગેરે.

ખૂબ તરસ લાગવી, ભુખ લાગવી, ખૂબ પેશાબ થવો, કોઇ બિમારી વિના અતિશય થાક લાગવો, વારંવાર ઇન્ફેકશન(ચેપ) થવું, કારણ વગર વજનમાં ઘટાડો થવો. ઘાને રૂઝ ના આવવી વિગેરે ડાયાબીટીસના લક્ષણો છે.પરંતુ બ્લડ ટેસ્ટ કરાવ્યા વિના આવા ઇક્ષણો પરથી જ ડાયાબીટીશ માટે ધારણા બાંધવી જોખમી છે. ડાયાબીટીસને કારણે હૃદયરોગ, લકવો, આંખમાં જોવાની તકલીફ, કીડનીના રોગો, જ્ઞાનતંતુના રોગ, ડાયાબીટીક ફૂટ અલ્સર વગેરે જેવી ખનેક સમસ્યાઓ થઇ શકે છે.

ડાયાબીટીસનું નિદાન પણ ઘણીવાર ખન્ય બિમારીઓની સારવાર દરમ્યાન આકસ્મિક રીતે થતું જોવા મળે છે.ભુખ્યા પેટે FBS-110 થી વધુ અને જમ્યા પછી બે કલાક બાદ બ્લડ સુગર PP2BS-160થી વધુ હોય તો ડોકટરની સલાહ લેવી.

ડાયાબીટીસ માટે અનેક પ્રકારની અકસીર દવાઓ ઉપલબ્ધ છે. ડોકટરની સલાહ મુજબ દવા લેવી. બ્લડ સુગર તપાસ કરતા રહેવું જરૂરી છે.આહાર નિયમન, નિયમિત ચાલવા સહિતના વ્યાયામ?યોગ, વ્યસન મુકિત આ રોગને કાબુમાં રાખવા જરૂરી છે.

બી.પી અને ડાયાબીટીશ ખાસ કરીને ગુજરાતમાં વ્યાપક પ્રમાણે જોવા મળે છે. શ્રમનો અભાવ, જંકફુડનો બેહદ વપરાશના કારણેબાળકોને યુવાનોમાં પણ આ રોગ જોવા મળે છે.રોગના સ્પષ્ટ વિશેષ લક્ષણો ન હોવાથી રોગ વધી ગયા પછી આકસ્મિક નિદાન દ્વારા તેની જાણ થાય છે.નિદાન થયા પછી ડોકટર દવા આપે તો 'મને કંઇ થતું નથીપ આવી દવાઓ કંઇ કાયમ લેવાય' એવી અવગણના કરીએ છીએ.આ અવગણના કયારેક લકવો, હૃદયરોગ કે અન્ય પ્રાણઘાતક બીમારીઓ નોંતરે છે. માટે આ રોગ છૂપા કાતિલ કહેવાય છે.

વડિલોએ ડોકરને બતાવતી વખતે/દવા લેતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબત..

તમને કંઇ થતું હોય તે ડોકટરને બરાબર જણાવો. યાદ ના રહે તો ઘરેથી કાગળમાં લખીને જાવ. તમારી સારવાર દરમિયા કંઇ નવું લક્ષણ જણાય તો ડોકટરને જણાવો. કેસપેર રીપોર્ટ વિગેરે ફાઇલમાં વ્યવસ્થિત રાખો. ડોકટરને તમારી તકલીફ જણાવો પરંતુ તમારી ભ્રાન્ત માન્યતાને વળગી ન રહો. દવા લેવાનું ભુલી જવાય તો શું કરવું ? ડોકટરને પુછો, એક ડોઝ ભુલી જવાયો તો બમણો ડોઝ ન લો. દવાના ડોઝમાં વધારો કે ઘટાડી કે દવા બંધ જાતે ન કરશો.બીજા કોઇની દવા કયારેય ન લેશો. દવાનો રુજ ના રાખશો, નકારાત્મક વલણ છોડી હકારાત્મક વલણ અપનાવો. મારે હવે આખી જિંદગી દવા લેવાની એવું ન વિચારતા આ દવા લેવાથી હું વધુ સારું જીવન જીવી શકીશ એવું વિચારો.

વડિલોને દવા આપવામાં ડોકટરોને સમસ્યાઓ : દડીલો જાતે દવા લે, એક સાથે વધુ દવા લે,દવાની આડઅસરનો ડર, દવા ગળવાની તકલીફ, વડીલોનું નકારાત્મક વલણ, આથિૃક સમસ્યાઓ, પારિવારિક ઉપેક્ષાઓ વિગેરે....

વડીલોને નમ્ર સૂચન...વૃધ્ધાવસ્થામાં ડીપ્રેસન, એકલતા, સ્મૃતિભ્રમ, અનિદ્રા વગેરે સ્વાભાવિક છે. હકારાત્મક દ્રષ્ટિકોણ, ઉત્સાહ પ્રેરક વાંચન, પરિવારના સભ્યો સાથે પ્રાસંગિક મુલાકાતો, પ્રભુપ્રત્યે નિષ્ઠા અને પ્રેમથી વૃદ્ધાવસ્થાની તકલીફો દૂર નહીં પણ હળવી કરી શકાય છે...

ડો. કૌશિક પંચોલીના વ્યકતવ્યમાંથી સાભાર રજુઆત કરનાર શ્રી ચંદ્રકાંતભાઇ સી. પંચોલી-વડોદરા

# પ્રથમ પૂણ્યતીથીએ પૂષ્પાંજલી



## સ્વ. પાર્થ દક્ષેશકુમાર પંચોલી

જન્મ ૦૪.૧૧.૧૯૯૧ શ્રીજી શરણ : ૦૮.૦૩.૨૦૧૨

અમારા પ્રિય "ભઇલુ" પાર્થને તેની પ્રથમ પૂણ્યતીથીએ
સ્નેહભરી હાર્દિક પૂષ્પાંજલી

શું તારી આ પ્રથમ પૂણ્યતિથી અમારી ગઇ કાલ બની જશે ? કદાપી નહીં...
તારી તસ્વીરનો એ હસતો ચહેરો હંમેશા અમારાથી કયારેય ભુલાશે નહીં..અમને સૌને ગમે તેવા દુઃખ સામે બાહોશીથી સામનો કરવાની અને પોઝેટીવ થીંકીંગ સાથે કયારેય હતાશ નહીં બનવાની હંમેશા પ્રેરણારૂપ બનશે.
એક વર્ષ તો શું ? કંઇ કેટલાયે અનંત જન્મ સુધી તુ અમારી સાથે અને હૃદયમાં જ હોઇશ..
પરમ કૃપાળુ પરમાત્માને અમારા સૌની હૃદયથી પ્રાર્થના કે તારી પાસે આવેલ એ જીવાત્માને સદ્દગતિ આપજે અને તારી યાદ પ્રેરણાદાયી અને શાશ્વત બની રહે એજ અભ્યર્થના સાથે પૂષ્પાંજલિ......

### અર્પણકર્તા

ડૉ. નિધિ દક્ષેશ પંચોલી

સુરભી / સૌરભ પંચોલી
નિસર્ગ / આશુ મુકેશ પંચોલી
ધૈર્ય કિરીટ પંચોલી

આકાંક્ષા / અભિષેક અલક પંચોલી
હર્ષિદા રવિન્દ્ર પંચોલી
ધ્રુવ / પ્રિત ભરત પંચોલી

## પ્રથમ જન્મ દિવસના હાર્દિક શુભાશિષ



ચિ. આરવ કેતુલકુમાર પંચોલી
જન્મ : ૨૮.૦૨.૨૦૧૨

શ્રીમતિ સંગીતાબેન અને દિનેશચંદ્ર પંચોલી
શ્રી મૌલિક દિનેશચંદ્ર પંચોલી
શ્રીમતિ કૃણાલીબેન અને કેતુલકુમાર પંચોલી

૪૦, શ્રીજીનગર, રાજવંત રીસોર્ટ સામે, રાજપીપલા.
ફોન : ૦૨૬૪૦-૨૨૨૯૧૯
મો. ૯૮૭૯૦ ૩૩૪૭૯


## shaadi.com




નામ : **કૃણાલ**
પિતા : કૃષ્ણકાંત શાંતિલાલ મપારા
(નોકરી-નર્મદા નિગમ, કેવડીયા)
માતા : ભાવનાબેન
જન્મ તા. : ૮.૧૨.૧૯૮૭ સમય : સાંજે ૪ કલાકે
ઉંચાઇ : ૫'૬'' વજન : ૫૦ કિલો
અભ્યાસ : G.D.C.A.
નોકરી : e-intelligence(SEO Ex.)
સરનામુ : બી-૫, નટરાજ ટાઉનશીપ,
પરશુરામ નગર રોડ, સયાજીગંજ, બરોડા
મો. : ૯૭૧૨૦ ૦૬૦૩૯/૯૮૯૮૯ ૫૭૦૩૬









# દીવ સાથે સંપૂર્ણ સૌરાષ્ટ્ર દર્શન

**૨ × ૨ સ્લીપર બસ દ્વારા પ્રવાસ**

## ઉપડશે : તા. ૧૬.૫.૨૦૧૩ પ્રવાસ દિવસ : ૭

## આખી ટીકીટ : રૂા. ૬૨૦૧/-

## અડધી ટીકીટ : રૂા. ૩૩૦૧/-

**જેમાં ચોટીલા, નારાયણ સરોવર, આશાપુરા માતા, કચ્છ-ભૂજ નવા રણુજા, દ્વારિકાધીશ, બેટ દ્વારીકા, સોમનાથ, દીવ, તુલશી શ્યામ, પરમવાવ, વિરપુર, ગોંડલ**

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

**જતીન આર. પંચોલી મિહિર જે. પંચોલી**

**૫/૬૦૦, હરીપુરા, પંચોલી શેરી, સુરત**
**મોબાઈલ નં. ૯૬૩૮૪ ૪૪૭૭૪/૯૬૩૮૨ ૪૩૪૩૫,**
**૯૯૦૯૫ ૦૮૭૭૪/૭૩૮૩૬ ૧૬૦૬૩**



**મારૂતિવાન, ટવેરા, ઈનોવા, મીનીબસ, લકઝરીબસ ભાડે મેળવવા માટે મળો...**

# પ્રથમ પૂણ્યતીથીએ હૃદયાંજલિ



**સ્વ. અમિત નરેન્દ્રભાઈ મિસ્ત્રી**

જન્મ : ૧૦.૦૨.૧૯૭૩ સ્વર્ગવાસ : ૦૨.૩.૨૦૧૨

તારી આ પ્રથમ પૂણ્યતીથીએ અમારા સૌની સ્નેહભરી હૃદયાંજલિ એક વર્ષ પસાર થયુ પણ તારી ગેરહાજરી જરા પણ લાગતી નથી, પળે પળે અને દરેક પ્રસંગે તારા સંસ્મરણોની અનુભુતિ થયા જ કરે છે. તસ્વીરમાં તને જોઈને મનને સાંત્વના મેળવવાના પ્રયત્નો અધૂરા લાગે છે. શું થાય ? શું કરી શકાય ? સિવાય કે પરમકૃપાળુ પરમાત્માને હૃદયથી પ્રાર્થના કે તારી પાસે આવેલ આ જીવાત્માને પરમ શાંતિ આપજે અને સદ્‌ગતી કરજે અને અમને સૌને હિંમત અને પ્રેરણા આપજે.

તારી આ પ્રથમ પૂણ્યતિથીએ અમારા સૌની સ્નેહભરી હૃદયાંજલિ

**અર્પણકર્તા**

| | |
|---|---|
| નરેન્દ્રભાઈ અંબેલાલ મિસ્ત્રી | સૂર્યાબેન એન. મિસ્ત્રી |
| નેહલ અમિત મિસ્ત્રી | ચિ. ઉદિત અમિત મિસ્ત્રી |
| જેસલ નરેન્દ્રભાઈ મિસ્ત્રી | દીપીકા જે. મિસ્ત્રી |

ચિ. ક્રિશ્ના-ઓમ જેસલ મિસ્ત્રી તથા

**ક્રિશ્ના કાર ડેકોર પરિવાર**

બારડોલી

# લગ્નજીવનની ૨૫મી એનીવર્સરીએ હાર્દિક શુભેચ્છાઓ...

પ્રાતઃસ્મરણિય ''શ્રી રંગઅવધૂત બાપજી''ની અસીમ કૃપાથી તા. ૧૪.૨.૨૦૧૩ (વેલેન્ટાઇન ડે)ના શુભ દિવસે અમારા દામ્પત્ય જીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ થાય છે...



**શ્રી વિનોદકુમાર અંબાલાલ પંચોલી**
**શ્રીમતિ મંજુલાબેન વિનોદકુમાર પંચોલી**
લગ્ન તા. ૧૪.૨.૨૦૮૮

## શુભેચ્છક

ગં.સ્વ. મધુકાન્તાબેન અંબાલાલ પંચોલી
શ્રી હસમુખભાઇ અંબાલાલ પંચોલી
શ્રીમતિ કુસુમબેન હસમુખલાલ પંચોલી
શ્રી અલ્પેશકુમાર હસમુખભાઇ પંચોલી(માસ્તર)
શ્રીમતિ હેતલબેન અલ્પેશકુમાર પંચોલી(શિક્ષિકા)
સુમિત્રાબેન અંબાલાલ પંચોલી(સુમી ફોઇ)
જયદિપ વિનોદકુમાર પંચોલી-MCA નોકરી
જયરાજ હસમુખભાઇ પંચોલી-G.N.M. નોકરી
જયશ્રીબેન વિનોદકુમાર પંચોલી-G.N.M. નોકરી
સૌરભ વિનોદકુમાર પંચોલી-F.Y.B.Com.

પ.પૂ. વ્હાલા દાદા-દાદીને અમારી હાર્દિક શુભેચ્છાઓ
ચિ. પ્રેરક - અક્ષર - તારક - કાનજી

શ્રી રંગ કુટીર, પંચોલી ફળીયું, મુ.પો.તા. કવાંટ, જિ. વડોદરા
મો. ૯૪૨૭૦ ૭૫૯૮૮ / ૯૪૨૭૩ ૪૫૦૧૦

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી
## વર્ષ ૨૦૧૩-૧૪

**ઉપરોકત ટ્રસ્ટ માટે મુ. સ્વ. છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી એ રૂા. ૫,૫૫,૫૫૫નું દાન આપી પ્રસ્થાપિત કરેલ છે.**



સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રી-મુંબઈ



સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રી-મુંબઈ

### ઉદ્દેશ્ય

(૧) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ મુળ ભંડોળ (કોપર્સ ફંડ) માં રીઝર્વ તરીકે જમા કરાવવી.

(૨) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. બેન ગજરાબેન ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ વિકલાંગોને અથવા જરૂરીઆતમંદ વ્યકિતઓને વૈદકિય સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૩) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના પિતાશ્રી ઘેલાભાઇ જગજીવનદાસ અને માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ (નિરાધાર) વ્યકિતઓને આર્થિક સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૪) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. છગનભાઇ ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૫) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના ધર્મપત્નિ સ્વ. લીલાવતીબેન છગનભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિની ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૬) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ આ ટ્રસ્ટના વહીવટી ખર્ચ અંગે વાપરવી.

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ–મુંબઈ ટ્રસ્ટી

## વર્ષ ૨૦૧૩–૧૪

## અરજીપત્ર

અરજદારનું નામ : .............................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ...........................................................................

સંપૂર્ણ સરનામું : ...........................................................................................

..............................................................................................................

............................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..........................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ...................................................................

.............................................................................................................

કુટુંબમાં કમાનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ...........................

(૨) .............................. માસિક આવક ...........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન .................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : .............................................................................................

સ્થળ : ....................................... સાક્ષીની સહી : ...........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી...................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું** **શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

C/o. પ્રેમીમોહન એજન્સી, ૪૯૦ પઠ્ઠે બાપુરાવ માર્ગ, સીંધીલેન કોર્નર, મુંબઈ ૪૦૦ ૦૦૪

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી ૩૧ મે પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

રજી. નં.:A/1822/ભરૂચ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

નામ :

અટક  નામ  પિતા/પતિનું નામ

જન્મ તારીખ :........................

પત્ર વહેવારનું સરનામું.................................................................................................

.................................................................................................................

.................................................................................................................

પીનકોડ.................................ફોન : (ઘર) ............................... (ઓ) ..............................

મો : ............................................................... ઇમેલ : ..............................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી..................................................................................

આ સાથે દાખલ ફી રૂા.......................+ વાર્ષિક ફાળાની રકમ : રૂા. ૧૫૦/-

કુલ રકમ............................................. રોકડા/મ.ઓ./ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ :.........................................................................................

**૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઇડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી**

૨. સમાજ સુરક્ષાના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

સભ્યની સહી..........................................

| ઉંમર | દાખલ ફી | વાર્ષિક ફાળો |
|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૬૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ | + ૧૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**નોંધ :** ફાળાની રકમ રોકડા, M/o. અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલવી. ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c. શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું

**અધ્યક્ષ**
**મનિષકુમાર મોહનલાલ પંચોલી**
૨૦૧, શાંકુતલ કોમ્પલેક્ષ, ઉનાઇ રોડ, જુના
બસ સ્ટેન્ડ પાસે, વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬-૨૨૨૯૬૨ મો. : ૯૮૨૫૨ ૭૫૦૨૩

**મંત્રી**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨ મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૬

**જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના તા. ૧.૪.૯૪થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાને ૧૯ વર્ષ પૂરા થાય છે. શરૂઆતમાં ૧૧૨૦ સભ્યો હતા. આજે આ યોજનામાં કુલ ૧૪૫૫ સભ્યો થયા છે.

**યોજનાનો હેતું :–** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :–** ❖ સદર યોજનામાં ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૫ થી ૫૦ વર્ષની ઉંમરના કોઈપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઈ શકશે. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્નો ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :–** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઈપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/– લેઈટ ફી તથા જુલાઈ માસમાં રૂા. ૨૦/– લેઈટ ફી વધારાના આપવાના રહેશે. તા. ૩૧ જુલાઈ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૪૦૦ સભ્યો હોય તો ૨૮,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઈડસ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઈ શકશે નહી. અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઈ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૩–૧૪ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા–૧૫૦.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૫. ૨૦૧૩ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના મંત્રી શ્રી નવિનભાઈ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફકત રોકડા અથવા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બળહ સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે.** સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

અંકલેશ્વર મુકામે યોજાયેલ ચિંતન શિબિરમાં સને ૨૦૧૫ સુધીમાં સમાજ સુરક્ષા યોજનાના સભ્યોની સંખ્યા ૨૦૦૦, સને -૨૦૧૭ સુધીમાં ૨૫૦૦ અને સને ૨૦૨૦ સુધીમાં ૩૦૦૦ સુધીના સભ્યો બનાવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. આ લક્ષ્યાંક પુરો કરવામાં આપ સૌના સાથ સહકારની જરૂર છે. મિત્રો સમાજના ઘણાં જ્ઞાતિજનો સમાજ સુરક્ષા યોજનામાં જોડાયા નથી. એવી સમજ સાથે કે મરણ સમયે અપાતી રકમની તેઓને જરૂરીઆત નથી. તો અમારે નમ્ર પૂર્વક જણાવવાનું કે સમાજ સરક્ષા યોજનાનું પહેલું સૂત્ર છે.. 'સ્વાર્થ સાથે પરમાર્થ' તમારી રકમ સમાજના સામાન્ય વર્ગના જ્ઞાતિજનોને કામ આવશે. સમાજ સુરક્ષાના કોઈપણ સભ્ય મરણ પામનારના કુટુંબીજનોને તમારી રકમ પહોંચશે. આ ઉમદા ભાવનાને ધ્યાનમાં લઈ જરૂરથી આ યોજનામાં જોડાશો. મૃત્યુબાદ મળતી રકમની જરૂરીઆત ન લાગતી હોય તો મરણ


પામતાં તે રકમ મહામંડળના કોઇપણ ભંડોળમાં મરણ પામનાર વ્યકિતના સ્મરણાર્થે દાન કરી શકો છો. યુવાનોને ખાસ વિનંતી કે આપ આ યોજનામાં સત્વરે જોડાઇ લક્ષ્યાંક હાંસલ કરવામાં આપનો અમૂલ્ય ફાળો આપશો. આ યોજનાને પ્રોત્સાહિત કરવા માટે જે કોઇ કુટુંબના ચાર સભ્યો આ યોજનામાં જોડાશે તેને સ્મૃતિભેંટ આપી સન્માનવામાં આવશે. જે કોઇ કાર્યકર મિત્ર ૧૦ કે તેથી વધુ સભ્યો સાથે બનાવશે તો તેમને પણ સ્મૃતિ ભેંટ આપી સન્માનવામાં આવશે. જો કોઇ કાર્યકર મિત્ર ૨૫ કે તેથી વધુ સભ્ય એક સાથે બનાવશે તો તેને સ્મૃતિભેંટ આપી સન્માનિત કરવામાં આવશે. દરેક એકમના પ્રમુખ/મંત્રીશ્રીઓને વિનંતી કે આપના એકમના બાકી રહેલ જ્ઞાતિજનોનો સંપર્ક કરી આ યોજનામાં જોડાવવા માટે પ્રોત્સાહિત કરશો એવી અપેક્ષા...

શ્રી મનિષભાઇ એમ. પંચોલી-અધ્યક્ષ
શ્રી નવિનભાઇ સી. પંચોલી-મંત્રી
સમાજ સુરક્ષા યોજના

## હાર્દિક શુભેચ્છાઓ..



**નવરચના હરીવદનભાઇ પંચોલી**
P.G.Dip. in HRM 1st Cl. M.S.Uni.
**શુભેચ્છક**
હરીવદન ચેતનભાઇ પંચોલી
સરલાબેન હરીવદનભાઇ પંચોલી
જન્મ તા.:૨૧.૦૭.૧૯૯૧
૧૯૨/બી શાંતિનિકેતન સો., રણછોડજી મંદિર પાસે,
પાણીગેટ સામે, વડોદરા-૧૯



**ચિ. પ્રતિક - ચિ. મેઘા**

## લગ્ન જીવનની હાર્દિક શુભેચ્છાઓ..

શ્રી વિપીનચંદ્ર નટવરલાલ પંચોલી
શ્રીમતિ અનસોયાબેન વિપીનભાઇ પંચોલી
શ્રી જૈમીનકુમાર વી. પંચોલી
શ્રીમતિ જલ્પાબેન જયમિનકુમાર પંચોલી
ચિ. પ્રયાગ

કાંતાબેન ડાહ્યાભાઇ પંચોલી
નારાયણભાઇ ડાહ્યાભાઇ પંચોલી
શ્રીમતિ શીલાબેન એન પંચોલી
ચિ. ધરા એન. પંચોલી
ચિ ધ્રુવ એન. પંચોલી

સી-૫૮, જય જલારામ નગર,
મધર સ્કૂલ પાસે
હરીનગર ગોત્રીરોડ વડોદરા

## શ્રી પંચોલી સમાજ વડોદરા

# ત્રિ દશાબ્દિ મહોત્સવ-શૈક્ષણિક પોગ્રામ-મેડીકલ ચેકઅપ




નગર પ્રાથમિક શાળા, વાઘોડિયા રોડ વડોદરા ખાતે તા. ૩જી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સવારે ૯ કલાક થી ૪ સુધી મેડીકલ ચેકઅપ કેમ્પમાં લગભગ ૧૫૦ જ્ઞાતિજનોએ લાભ લીધો. મેડીકલ ચેકઅપનો મુખ્ય ઉદ્દેશ "Prevention By Awareness" જાગૃતી દ્વારા રોગો અટકાવો. પહેલુ સુખ તે જાતે નર્યા. મડીકલ ચેકઅપમાં નીચે મુજબના ટેસ્ટ હતા. જેમાં બ્લડ પ્રેશર, રેન્ડમ સુગર, બોર્ન મીનરલ ડેન્સીટી, બોડી માસ ઇન્ડેક્ષ, બોડી ફેટ ટકા વેલ્યુ. હીમોગ્લોબીન.

મેડીકલ ચેકઅપની વ્યવસ્થા કરવામાં તબીબી સેવા સંકુલના અધ્યક્ષ ડો. પદમાબેન રવિન્દ્રભાઇ પંચોલીએ મહત્વનો ભાગ ભજવ્યો. તેમને સાથ આપ્યો ડો. મૃગા પૂરવ અને ડો. કૌશિકે. તે ઉપરાંત સેવા આપનાર ડોકટરોમાં ડો. પુલકિત, ડો. અર્ચના, ડો. ભાવિતા, ડો. પ્રિયાંક, ડો. કૃણાલ. તે ઉપરાંત BMD ટેસ્ટ માટે શ્રી અર્પિત શાહ Pharmed, BMI ટેસ્ટ માટે શ્રી તૃષાર મેયર, હિમોગ્લોબીન માટે Cipla Company તેમજ બ્લડ સુગર માટે શ્રેયસ લેબોરેટરીના જીગર પંડ્યાનો સાથ મળ્યો.

ડો. કૌશિક દ્વારા ડાયાબીટીસ પર સંપૂર્ણ માહિતી મળી. આ છૂપા રોગો થવાના કારણો, થયા પછી શું કરવું અને શુ ન કરવું તેની જાણકારી આપી.

ડો. પદમાબેને શારીરિક સ્વાસ્થ્યની જાણકારી માટે નિયમિત યોગા, વોકીંગ તેમજ ખોરાક અંગે શું શું કરવું એ અંગે માર્ગદર્શન આપ્યું. તેઓ એ જણાવ્યું કે શારીરિક શ્રમ માટે સમય ન કાઢશું તો બીમારી માટે આપણે સમય કાઢવો પડશે. સમાજ વતી વડોદરાના સભ્યો માટે તબીબી સહાય યોજના ચાલુ કરવાની રજુઆત કરી. તે યોજનાને સર્વેએ તાલીઓથી વધાવી અને આ માટે સારો પ્રતિભાવ પણ મળ્યો.

સવારે ૧૦ કલાકે સમારંભના સંચાલક શ્રીમતિ અર્ચના યોગેશભાઇ અને પ્રો. ભાવનાબેન કૌશિકભાઇએ શ્રી ગણેશવંદનાથી કાર્યક્રમની શરૂઆત કરી. સમાજ આ મહિને ત્રીસ વર્ષ પૂર્ણ કરી ૩૧માં વર્ષમાં પ્રવેશ કરે છે. સર્વેએ જે આ સમાજ માટે કાર્ય કર્યુ છે એ માટે સમાજ તેનો ઋણી છે. સર્વે કાર્યકરોને અભિનંદન.

હરપલ જિંદગીના રંગ બદલાય છે<br>
સમય સાથે સ્વરૂપ બદલાય છે.<br>
પલ પલ માનવીના મન બદલાય છે<br>
નથી બદલાતા સબંધો પણ સંજોગો જરૂર બદલાય છે.

પ્રમુખશ્રી અશ્વિનભાઇ, ઉપપ્રમુખશ્રી પદ્માકાંતભાઇ, મંત્રીશ્રી દેવાંગભાઇ અને શૈક્ષણિક કન્વીનર શ્રી રમેશભાઇ, સમારંભના પ્રમુખશ્રી નરેશભાઇ, અતિથિવિશેષશ્રી કનુભાઇ, શ્રી નારણભાઇ અને શ્રીમતિ સુરેખાબેનને સ્ટેજ પર આવકાર્યા. આ ઉપરાંત સમાજભવન, મહિલા મંડળ, વરિષ્ઠ મંડળના કન્વીનરે સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યુ. વેદાંશી દીપકભાઇ એ કથ્થક નૃત્યમાં પ્રાર્થના રજુ કરી.

ત્યારબાદ સમારંભના મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સમારંભ પ્રમુખ શ્રી નરેશભાઇ નગીનદાસ પંચોલી નગર પ્રા. શિક્ષણ સમિતિ વડોદરાથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ન.પ્રા.શિક્ષણ સમિતિ વડોદરા તરફથી શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ ૨૦૦૩માં મળેલ છે. તેઓએ રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૨માં નવી દિલ્હી ખાતે ભાગ લઇ સન્માન પ્રાપ્ત કરેલ છે.

સમારંભના અતિથિવિશેષ શ્રી કનુભાઇ સી. પંચોલી BSc. M.Ed.LLB. તેઓએ ટ્યુશન આપીને જાત મહેનતે શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. નોકરીના સમયગાળા દરમિયાન MEd. તેમજ LLBની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ ડબકા PTC કોલેજ ખાતે અધ્યાપક તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી વડોદરા ખાતે શિક્ષણ ટ્રીબ્યુનલ અને ગુજરાત હાઇકોર્ટ ખાતે કામગીરી કરે છે.

શ્રી નારણભાઇ ઓ. પંચોલી સુરત યુ.કો. બેંકમાં ઓફિસ તરીકે ફરજ બજાવે છે. સમાજના કાર્યોમાં તેઓની વિશેષ રૂચી છે. વડોદરા સમાજમાં ૮ વર્ષથી ખજાનચીની સેવા નિષ્ઠા પૂર્વક બજાવે છે.

શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલી B.Sc. હોમ સાયન્સ, B.Ed. છેલ્લા ૨૩ વર્ષથી બ્રાઇટ સ્કૂલમાં ટીચર તરીકેની સેવા બજાવે છે. વિવિધ વાનગીઓમાં તેમણે ઇનામો પ્રાપ્ત કર્યા છે. મોહનથાળની વાનગીમાં દિવ્ય ભાષ્કર દ્વારા એક્સ્ટ્રા ઓર્ડિનરી પ્રાઇઝ મળ્યું છે. તેઓ ડ્રોઇંગ કલાસ ચલાવે

છે. ગરીબ સંસ્થાઓમાં સેવા આપે છે.

મહેન્દ્રભાઇ પી. પંચોલી : અમૃત મહોત્સવ, ષષ્ઠીપૂર્તિ સન્માન અને લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનારના સ્મૃતિદાતા છે. તેઓએ વડોદરા સમાજના ઉપપ્રમુખ તરીકે સારી સેવા આપી છે. પ્રત્યેક પ્રસંગોમાં તેમનો આર્થિક સહયોગ સમાજને પ્રાપ્ત થયેલ છે. તેઓ પ્રસિદ્ધિથી દુર રહીને ઘણું કાર્ય કરે છે.

વર્ષ ૨૦૧૨-૧૩માં અવસાન પામેલ સર્વે સમાજના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

પ્રમુખશ્રી અશ્વિનભાઇ એ તેમના આવકાર પ્રવચનમાં કહ્યું કે સમાજનું કાર્ય ૧૯૮૦થી ચાલે છે. જેની શરૂઆત માનનીય શ્રી અંબાલાલ વકીલ, મુ. શાંતિકાકા અને શ્રી ભીખાભાઇ પંચોલીએ શ્રી પંચોલી સમાજ વડોદરાના બીજ રોપ્યા. તેનું ઓફિસીયલ અસ્તીત્વ ફેબ્રુઆરી ૮૩થી થયું. સમાજ આ મહિને ૩૦ વર્ષ પૂર્ણ કરી ૩૧માં વર્ષમાં પ્રવેશ કરે છે. જેઓએ સમાજની શરૂઆતથી લઇને અત્યાર સુધીના બધા પ્રમુખ-મંત્રી અને સર્વે કાર્યકરોનો આભાર વ્યકત કર્યા. તેઓની મહેનત અને લગનથી જ સમાજ આ સ્થિતિએ પહોંચ્યો છે..સમાજ તેઓનો ઋણી છે.



સર્વે વડીલોનું જીવન સુખ શાંતિ અને તંદુરસ્ત રહે તેવી પ્રભુ પ્રાર્થના કરી. શૈક્ષણિક દાન આપનાર શ્રીમતિ પદમાબેન ચીમનભાઇ યુ.કે, માનનીય શ્રી કંચનભાઇ પાંચ વર્ષની સ્કીમના દાતાઓ તેમજ સર્વે દાતાઓનો આભાર વ્યકત કર્યો. યુ.એસ.એ.માં રહેતા શ્રીમતિ ગીતાબેન અને શ્રી ચંપકભાઇ જેઓ છેલ્લા ત્રણ વર્ષથી ડિપ્લોમાં ડિગ્રી, માસ્ટર ડીગ્રી તેમજ ઉચ્ચ શિક્ષણ માટે તેઓના પિતા સ્વ. છગનલાલ અને જેકોરબેનના સ્મરણાર્થે ઇનામો સ્પોન્સર કરે છે. તેઓ પ્રત્યે ખાસ આભાર વ્યકત કર્યો.

મેડીકલ ચેકઅપ કેમ્પમાં સેવા અને વ્યવસ્થા માટે ડો. પદમાબેન, ડો. મૃગા, ડો. કૌશિક તેમજ પધારેલ સર્વે ડોકટર્સ અને કોમ્યુનીટીમાંથી આવેલ ટેકનીશ્યનોનો આભાર વ્યકત કર્યો.

મંત્રીશ્રી દેવાંગભાઇ પી. પંચોલીએ કહ્યું કે અમારી ટીમ પર વિશ્વાસ મુકી અને ચોથી વખત શૈક્ષણિક કાર્યક્રમ કરવાની તક આપી એ બદલ આભાર વ્યકત કર્યો. મોટી સંખ્યામાં હાજર રહી અમારો ઉત્સાહ વધારો છો અને કાર્ય કરવાની પ્રેરણા આપો છો. વિધવા સહાય, શૈક્ષણિક સહાય અને આજથી શરૂ થયેલ તબીબી સહાય યોજનામાં મદદરૂપ થવા અને જરૂરીઆતમંદ સભ્યો પ્રમુખ-મંત્રીને અરજી આપી તેનો લાભ લે એવી અરજી કરી. આપણું લક્ષ્ય હંમેશા સમાજ સેવા અને સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થાય એટલે તો કહ્યું છે...

ઇશ્વરકા દીયા કભી અલ્પ નહીં હોતા.
જો તૂટ જાએ વો સંકલ્પ નહીં હોતા.
હાર કો લક્ષ્યસે દૂર હી રખના,
કયૂંકી જીત કા કોઇ વિકલ્પ નહીં હોતા.

નવયુગ શુભચિંતક શ્રી મોહનભાઇ ભગવાનજી પચોલી મુંબઇ શ્રી કિશોરભાઇ જમનાદાસ મિસ્ત્રી મુંબઇ

હિતેશભાઇ, દેવાંશી જય ગોવિંદભાઇ, સ્નેહા વિનોદભાઇ તેમજ ચૈતાલી અંકુરભાઇ મિસ્ત્રી. સર્વેની રજુઆતથી પ્રભાવીત થઇ શ્રી પદ્માકાંતભાઇ અને નિરંજનાબેને રૂા. ૧૦૦નું ઇનામ આપી દરેક યુવાઓને પ્રોત્સાહિત કર્યા.

વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સમાજનું નામ રોશન કરનારનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ત્રિદશાબ્દિ મહોત્સવમાં ત્રણ ડોકટરમાં ડો. કૃણાલ, ડો. પ્રિયાંક આ વખતે M.B.B.S. થયા તેમજ ડો. કૌશિકે MD(Homoeopathy કર્યુ. અને ઋતુ ભૂપેન્દ્રભાઇએ CA કર્યુ. તેઓને ફેમીલી સાથે સ્ટેજ પર બોલાવી મોમેન્ટો અને ભેટ અર્પણ કરવામાં આવી તેમજ બે મિનિટ યુવાઓને સંદેશો આપવાનું કહેવામાં આવ્યું.

શ્રી પદ્માકાંતભાઇએ શૈક્ષણિક પોગ્રામમાં શ્રી રમેશભાઇ કન્વીનરને તેમજ તેમની ટીમ સચિનભાઇ, અભયભાઇ, અમરિષ, અનિરુદ્ધ, સોહમ, આસ્થા, દિશા વિગેરે સર્વેનો આભાર વ્યકત કર્યો. સમારંભના પ્રમુખ, અતિથિવિશેષશ્રીઓ, તેમના સહયોગ માટે શ્રી મહેન્દ્રભાઇ સ્મૃતિ દાતાનો, મેડીકલ કેમ્પની એરેન્જમેન્ટ માટે ડો. પદમાબેન ડો. મૃગા, ડો. કૌશિક તેમજ સર્વે ડોકટર તેમજ સમાજના સર્વે સભ્યોનો આભાર વ્યકત કર્યો.

**અમૃત વર્ષ-૭૫ વર્ષ**

શ્રી રમેશભાઇ નાથાલાલ — શ્રી પનસલાલ મફતલાલ
શ્રીમતિ લીલાવતીબેન કંચનલાલ — શ્રી કેશવલાલ હીરાલાલ
શ્રીમતિ પ્રેમીલાબેન મનહરલાલ — શ્રી નગીનભાઇ પુરષોત્તમદાસ
શ્રી નટવરલાલ મગનલાલ — શ્રી રમણલાલ લલ્લુભાઇ

**લગ્નજીવનની સુવર્ણ જયંતિ યુગલોનું સન્માન**

શ્રીમતિ ધર્મિષ્ઠાબેન અને શ્રી પનસલાલ મફતલાલ પંચોલી
શ્રીમતિ વનિતાબેન અને શ્રી નગીનભાઇ પુરષોત્તમદાસ પંચોલી
શ્રીમતિ નિર્મળાબેન અને શ્રી મુકુંદલાલ હીરાલાલ પંચોલી

**વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર**

શ્રી નરેશભાઇ નગીનલાલ પંચોલી : શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-૨૦૦૩, રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન -૨૦૧૨માં નવી દિલ્હી ખાતે સન્માનીય.

શ્રી નટવરલાલ એમ. પંચોલી : સમગ્ર સમાજ સમાજગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પામનાર તેમજ સી.ટી.મિસ્ત્રી પુરસ્કાર માટે, તેમજ તેના લેખનકાર્ય માટે સન્માનિત.

શ્રી ડિમ્પલકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી : દેશવિદેશમાંથી ફોટોગ્રાફીના ઘણાં ઇનામો મેળવેલ છે હાલમાં ૭૩-ઇન્ટનેશનલ ફોટોગ્રાફી, Salon at Japan-૨૦૧૨માં ગોલ્ડમેડલ મેળવેલ સિદ્ધિ માટે સન્માનિત

**ષષ્ઠિપૂર્તિ સન્માનિત વડીલો**

શ્રી મહેન્દ્રભાઇ પી. પંચોલી
ડો. પદમાબેન રવિન્દ્રભાઇ પંચોલી
શ્રી કનૈયાલાલ ઉમંગરાય પંચોલી
શ્રીમતિ નીરાબેન જયપ્રકાશભાઇ પંચોલી
શ્રીમતિ અરૂણાબેન જીતેન્દ્રભાઇ પંચોલી
શ્રીમતિ જ્યોતિબેન શશીકાંતભાઇ પંચોલી
શ્રી વિઠ્ઠલદાસ નગીનદાસ પંચોલી
શ્રીમતિ પ્રેમીલાબેન અરવિંદભાઇ પંચોલી
શ્રીમતિ કાંતાબેન અરવિંદભાઇ પંચોલી
શ્રી અશોકભાઇ કંચનલાલ પંચોલી
શ્રીમતિ અનુરાધા બાલકૃષ્ણ પંચોલી
જયાબેન ચંદુલાલ પંચોલી
શ્રીમતિ રેખાબેન ભરતભાઇ પંચોલી
શ્રી વિપીનચંદ્ર દલસુખભાઇ પંચોલી
શ્રી જયંતકુમાર પરસોત્તમદાસ પંચોલી
શ્રી કિશોરભાઇ શાંતિલાલ પંચોલી
શ્રીમતિ મંજુલાબેન રજનીકાંત પંચોલી
શ્રી નગીનલાલ સોમાલાલ પંચોલી
શ્રી પનસભાઇ ચીમનલાલ પંચોલી
શ્રીમતિ સુધાબેન પરસોત્તમદાસ પંચોલી
શ્રી સુંદરલાલ મગનલાલ
શ્રી સુંદરલાલ મગનલાલ (જબુગામ)
શ્રી દિનેશકુમાર મનહરલાલ પંચોલી
શ્રીમતિ ચેતનાબેન દિનેશકુમાર પંચોલી
શ્રીમતિ તારાબેન સુંદરલાલ પંચોલી
શ્રી નરેશભાઇ સોમાભાઇ પંચોલી
શ્રી સુરેશચંદ્ર ચંદુલાલ પંચોલી
શ્રીમતિ જયશ્રીબેન સુરેશચંદ્ર પંચોલી
શ્રી અરવિંદભાઇ ચંદ્રકાંત પંચોલી

ત્રિશતાબ્દિ મહોત્સવના દાતા

| | |
|---|---|
| શ્રી નરેશભાઇ નગીનદાસ પંચોલી | ૬૦૦૧ |
| શ્રી મહેન્દ્રભાઇ પી. પંચોલી | ૬૦૦૧ |
| શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલી | ૫૦૦૦ |
| શ્રી કનુભાઇ સી. પંચોલી | ૪૦૦૧ |
| શ્રી નારણભાઇ ઓચ્છવભાઇ પંચોલી | ૪૦૦૦ |
| શ્રીમતિ ગીતાબેન અને ચંપકભાઇ તરફથી | ૪૦૦૦ |

સ્વ. જેકોરબેન તથા શ્રી છગનલાલ જગજીવનદાસના સ્મરણાર્થે ડીપ્લોમા, ડીગ્રી, હાયર સેકન્ડરી માટે ઇનામ.

| | |
|---|---|
| શ્રી પનસભાઇ અને પદ્માકાંતભાઇ તરફથી | ૧૦૦૦ |

સ્વ. સૂરજબેન તથા સ્વ. મફતલાના સ્મરણાર્થે

| | |
|---|---|
| શ્રી ઇન્દ્રવદન રમણલાલ પંચોલી | ૧૦૦૦ |
| શ્રી હરીશકુમાર મૂળજીભાઇ | ૫૦૦ |
| અમિતકુમાર ગોપાલભાઇ | ૫૦૦ |
| શ્રી રણછોડભાઇ જી. હસ્તક અશોકભાઇ | ૫૦૦ |

વિધવા સહાયના દાતાઓ

| | |
|---|---|
| શ્રી ગિરીશભાઇ મોહનલાલ | ૧૦૦૦ |
| શ્રી સુરેશભાઇ પરસોત્તમદાસ તરફથી | ૧૦૦૧ |

સ્વ. શારદાબેનના સ્મરણાર્થે

| | |
|---|---|
| શ્રી નારણભાઇ ઓચ્છવભાઇ પંચોલી | ૧૦૦૦ |
| શ્રી ધર્મેશભાઇ ચંદ્રકાંતભાઇ | ૫૦૦ |

| | |
|---|---|
| શ્રી વિનોદચંદ્ર ચીમનલાલ | ૫૦૦ |
| શ્રી રાજીવ મધુભાઇ પંચોલી તરફથી ઓસ્ટ્રેલીયા ભાઇ બ્રિજેશને ત્યાં પુત્ર કબીરના જન્મ નિમિત્તે | ૨૫૦ |
| શ્રી કેશવલાલ હિરાલાલ પંચોલી | ૨૦૧ |
| શ્રી ધ્રુમીશા ધવલકુમાર પંચોલી વર્ષગાંઠ નિમિત્તે | ૧૦૧ |
| શ્રી હિમાંશુ ત્રિકમભાઇ પંચોલી વર્ષગાંઠ નિમિત્તે | ૫૧ |
| શ્રી ગૌરાંગ હસમુખભાઇ પંચોલી | ૧૦૧ |
| શ્રી પ્રકાશભાઇ ડાહ્યાભાઇ પંચોલી | ૨૦૧ |
| શ્રી પનસભાઇ મફતલાલ | ૧૦૧ |
| શ્રીમતિ હસુમતી રતિલાલ | ૧૦૧ |
| શ્રી દયારામ હિરાલાલ | ૧૫૧ |
| શ્રી જગદીશચંદ્ર છીતાલાલ | ૧૫૧ |
| શ્રી રમેશભાઇ એન. | ૨૫૧ |
| શ્રી રમેશચંદ્ર વી. મપારા | ૧૦૧ |
| શ્રી સંજયકુમાર સી. પંચોલી | ૨૦૧ |

**પાંચ વર્ષના શૈક્ષણિક દાતાઓ**-રૂા. ૫૦૦/-(વ્યકિત દીઠ)

શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી શ્રી રમેશભાઇ એન. પંચોલી
શ્રી મધુસુદન સી. પંચોલી શ્રી બાબુભાઇ આર. મપારા
શ્રી નરેન્દ્રભાઇ એન. પંચોલી
સ્વ. ગીરજાબેન પંચોલી પરિવાર તરફથી હસ્તક નગીનભાઇ
શ્રી રાજેશભાઇ રણછોડભાઇ શ્રી અરૂણભાઇ સી.
શ્રી રવિન્દ્રભાઇ યુ. શ્રી ભૂપેન્દ્રભાઇ આર.
શ્રી જીતેન્દ્ર જીવણલાલ શ્રી કિશોર(પ્રવિણ)ભાઇ સી.
શ્રી ગિરીશભાઇ એમ. શ્રીમતિ કલ્પનાબેન ગિરીશભાઇ
શ્રી દયારામ હિરાલાલ શ્રી વિનોદભાઇ રમણલાલ
શ્રી જયેશભાઇ અંબાલાલ
શ્રીમતિ હિરાબેન ચીમનલાલ હસ્તક નવિનભાઇ
શ્રી વિનોદચંદ્ર ચીમનલાલ શ્રી શુકદેવભાઇ હીરાલાલ પંચોલી

**આ વર્ષથી નવા સભ્ય** ૫૦૦/(વ્યકિત દીઠ)

શ્રી મધુભાઇ કે. પંચોલી શ્રી હરીવદન ચેતનદાસ પંચોલી
શ્રી ભીખાભાઇ ચીમનલાલ પંચોલી

**તબીબી સહાય વડોદરા માટેના દાતાઓ**

| | |
|---|---|
| ડો. પદમાબેન રવિન્દ્રભાઇ પંચોલી તરફથી | ૧૦૦૦ |
| ગં.સ્વ. મીનાક્ષીબેન ઉમંગરાય અને સ્વ. સૂરજબેન મફતલાલ ના સ્મરણાર્થે | ૧૦૦૦ |
| અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી | ૧૦૦૦ |
| શ્રી જયપ્રકાશ અંબાલાલ પંચોલી | ૫૦૦ |
| શ્રી સુરેશભાઇ રમણલાલ પંચોલી | ૫૦૧ |
| શ્રી કિરીટભાઇ ઉમંગરાય પંચોલી | ૫૦૦ |
| શ્રી હરીશકુમાર મુળજીભાઇ પંચોલી | ૫૦૦ |
| શ્રી કનુભાઇ સી. પંચોલી પુત્રી સ્વ. ડો.તેજલના સ્મરણાર્થે | ૫૦૧ |
| ગં.સ્વ. સરોજબેન ડાહ્યાભાઇ સંખેડાવાળા | ૫૦૧ |
| શ્રી વિઠ્ઠલદાસ નગીનદાસ | ૫૦૧ |
| શ્રી ગજેન્દ્રભાઇ વલ્લભભાઇ | ૫૦૦ |
| શ્રીમતિ મધુબેન રમેશભાઇ પંચોલી | ૨૫૦ |
| શ્રી કમલેશભાઇ મણીલાલ પંચોલી | ૨૦૧ |
| શ્રી હિતેશભાઇ અંબાલાલ પંચોલી | ૨૫૧ |
| સ્વ. અંબાલાલના સ્મરણાર્થે શ્રીમતિ હીરાબેન ચીમનલાલ પંચોલી | ૨૦૦ |

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

જન્મદિન નિમિતે પંચોલી સેવા મંડળને મળેલ દાન

૨૫૧/- ચિ. વેદાંત જયેશકુમાર પંચોલી
૨૫૧/- શ્રી ધર્મેન્દ્રભાઇ રસિકભાઇ પંચોલી
૧૫૧/- શ્રી સુરેશચંદ્ર જીવણલાલ પંચોલી
૧૦૧/- શ્રીમતિ સંગીતાબેન દિનેશચંદ્ર પંચોલી
૧૫૧/- શ્રીમતિ દિનાબેન રોહનકુમાર પંચોલી
૧૦૧/- ચિ. દર્શિતકુમાર હેમંતકુમાર પંચોલી
૫૧/- શ્રી પદ્માકાંત ચંદુલાલ પંચોલી
૨૦૧/- ચિ. રાજવી દિનેશચંદ્ર પંચોલી
૧૦૧/- શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી-ભરૂચ
૨૦૧/- શ્રી જયેશકુમાર ચંદ્રકાંતભાઇ પંચોલી
૧૦૧/- શ્રી મૌલિકકુમાર દિનેશચંદ્ર પંચોલી

મૅરેજ ઍનીવર્સરી નિમિત્તે..

૧૦૧/- શ્રી વિજયકુમાર મગનલાલ મપારા
૧૦૦/- શ્રી નિખિલકુમાર પનસકુમાર પંચોલી તરફથી લેવાયેલ G.K.I.Q.-2012માં શ્રી વી.વી.ટ્રસ્ટ-ભાવનગર દ્વારા રાજપીપલા સૅન્ટરમાં દ્વિતીય આવ્યા તે નિમિત્તે.

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલા

સંસ્થાની સામાન્ય સાધારણ સભા તા. ૨૦.૧.૨૦૧૩ના રોજ શ્રી પંચોલી જ્ઞાતિની વાડી-રાજપીપલા ખાતે સવારના ૯ કલાકે મળેલ જેમાં ૧૮ સભ્યો હાજર રહ્યા હતા.

સૌ પ્રથમ ગત વર્ષમાં દિવંગત થયેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલી અર્પવામાં આવી. કાર્ય સુચી મુજબ તબક્કાવાર કામ શરૂ કરવામાં આવ્યું. ગત વર્ષે મળેલ મિટીંગની કાર્યવાહી અને તે પરની અમલવારીને બહાલી આપી. ગત વર્ષના આવક જાવકના ખર્ચાઓ મંજુર કરવામાં આવ્યા.

સંસ્થાના કાયમી સભ્યો પૈકીના ગત વર્ષે ૬૦ વર્ષ વટાવી સીનીયર સીટીઝન બનેલ એવા બે સભ્યો પૈકીના એક સભ્ય શ્રી સુરેશભાઇ જીવણલાલ પંચોલીનું સંસ્થાના કન્વીનર શ્રી દિનેશભાઇ એસ. પંચોલીએ સાલ ઓઢાડી સન્માન કર્યુ. અનિવાર્ય સંજોગોને લઇને મિટીંગમાં હાજર ન રહેનાર સભ્યશ્રી વિજયભાઇ મગનભાઇ મપારાનું સન્માન અનુકુળતાએ એમના નિવાસસ્થાને જઇને કરવાનું નકકી કરવામાં આવ્યું.

પરિવારના કાયમી સભ્યશ્રી મનહરભાઇ ગોવિંદભાઇ પંચોલી નિઃસંતાન હોય તે દંપતિએ પોતાની હયાતી ન હોય ત્યારે તેમના વારસદાર તરીકે શ્રીમતિ ઉષાબેન મુકેશભાઇ પંચોલી-રાજપીપલાની નિયુકત કર્યા છે. તેની નોંધ લઇ માન્ય કરવામાં આવી.

શ્રી પંચોલી પ્રગતિ પરિવાર-રાજપીપલાની વાર્ષિક શુભેચ્છા જાહેરાત દર વર્ષે શ્રી પંચોલી નવયુગના દિવાળી અંકમાં આવે છે, તેનો અત્યાર સુધીનો ખર્ચો શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલીએ ભોગવેલ છે જેની નોંધ લેવામાં આવી.

સંસ્થાનું ચેરીટી કમીશ્નરની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવવાની જવાબદારી કાયમી સભ્યશ્રી અને સંસ્થાના ઇન્ટરનલ ઓડિટરશ્રી સુરેશભાઇ જે પંચોલી તથા કાયમી સભ્યશ્રી પ્રકાશભાઇ એમ. પંચોલી(એડવોકેટ)ને સોંપવામાં આવી. કોઇ કામકાજ બાકીના રહેતા સભાનું સમાપન કરવામાં આવ્યું.

તા. ૧૮.૨.૨૦૧૩ના રોજ પરિવારના કાયમી સભ્ય અને ગત વર્ષે ૬૦ વર્ષ વટાવી સીનીયર સીટીઝન બનેલ શ્રી વિજયભાઇ મગનભાઇ મપારાનું તેમના નિવાસસ્થાને જઇ તેમનું સાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અને ગાયત્રી પરિવાર તરફથી મળેલ ધાર્મિક સાહિત્ય આપી સંસ્થાના આદ્ય સ્થાપક શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું. જોગાનું જોગ આજે તેમની મૅરેજ ઍનીવર્સરી હોઇ, દંપતીને હાજર સર્વે સભ્યશ્રીઓએ પણ શુભેચ્છાઓ પાઠવી.

## યુવા મંચ-આવિષ્કાર ગૃપ, મુંબઈ

યુવા મંચ-આવિષ્કાર ગૃપ દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ બીચ પાર્ટી(પીકનીક) ગોરાઇ ખાતે કરવામાં આવ્યું હતું. સવારે ૯.૩૦ કલાકે બોરીવલી સ્ટેશન પર ભેગા થઇ ગોરાઇ ખાડી પહોંચી ત્યાંથી બોટના પ્રવાસનો આનંદ માણી ખાડી પાર કરી ઘોડાગાડી દ્વારા ગોરાઇ બીચ પર સી-એસ્ટા રીસોર્ટ પર પહોંચ્યા હતાં.

ત્યાં પહોંચી રમત ગમતનો આનંદ માણ્યો હતો. યુવાનોએ ક્રિકેટ મેચ રમી હતી અને યુવતીઓએ ડોઝબોલની રમત રમી હતી અને બાળકોએ રેતીના શીલ્પ બનાવવાનો આનંદ માણ્યો હતો તેમજ સ્વીમીંગ પુલની મઝા માણી હતી. સૌએ સાથે મળી કપલગેમ, ઉભી ખો, બેઠી ખોની રમતો પણ રમ્યા હતાં અને બાળપણના સંસ્મરણો તાજા કર્યા હતાં.

બપોરે સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી આરામ કર્યો હતો. ત્યારાબદ બીચ પર મચ્છીમારીનો ધંધો કરનાર માછીઓ પાસેથી વિવિધ માછલીઓ, કરચલા તેમજ દરિયાઇ જીવો જોયા હતા અને માહિતી મેળવી હતી.

ફરીવાર રીસોર્ટ ખાતે હિંચકા અને લપસણી તથા ફુલ રેકેટ રમ્યા. સાંજે ચા-નાસ્તો કરી યુવક-યુવતીઓની બે ટીમ કરી લગોરી અને રૂમાલ દાવ રમ્યા હતાં. સૂર્યાસ્ત થતા આભારવિધી કરવામાં આવી હતી. જેમાં આખા દિવસની પીકનીકનું આયોજન કરવા, સાથ સહકાર આપવા બદલ મંત્રીશ્રી ડિમ્પલ હિરલ મિસ્ત્રી,શ્રી ભાવિક મોહનભાઇ કાપડિયા, શ્રી હિરલ સુરેશભાઇ મિસ્ત્રી અને શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીનો તથા આ પીકનીકને સફળ બનાવવા આવેલ ૫૦ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો તેમજ ભવિષ્યમાં પણ આવો જ સાથ સહકાર મળતો રહેશે એવી આશા વ્યકત કરી હતી.આજના દિવસની યાદો વાગોળતા જેટ્ટી દ્વારા પરત રવાના થયા.

## શ્રી પંચોલી સેવા સમાજ, નસવાડી

શ્રી પંચોલી સેવા સમાજ નસવાડી એકમની સામાન્ય સભા સભ્યશ્રી રાકેશભાઇ સુમંતલાલ પંચોલીને ત્યાં રાત્રે ૯ કલાકે મળી જેમાં નીચે મુજબના ઠરાવ કરવામાં આવ્યા.

પ્રમુખશ્રી અંબાલાલ શનાલાલ પંચોલીની નાદુરસ્ત તબિયત રહેવાને કારણે ચાલુ સાલે નવા પ્રમુખની વરણી કરવા મંત્રીશ્રી હિરાભાઇ પંચોલીએ શ્રી ચંપકલાલ મો. પંચોલીની દરખાસ્ત મુકી સર્વે સભ્યોએ તાળીઓના ગડગડાટથી સહર્ષ સ્વીકારી લીધી. નવા પ્રમુખ તરીકે શ્રી ચંપકલાલ મોહનલાલ પંચોલીની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

આગામી મિટીંગ ડિસેમ્બર માસમાં નવજ્યોત હનુમાન મંદિરે સમાજના દરેક સભ્યો સપરિવાર સાથે સમૂહભોજનનું આયોજન કરવું તથા તારીખ અને સમય નક્કી કરી દરેકને જાણ કરવાની સત્તા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીને આપવામાં આવી.

નીચે મુજબનું દાન મળ્યું. શ્રી ચંપકલાલ મોહનલાલ પંચોલી તરફથી ૬૬મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧/- માજી પ્રમુખ શ્રી અંબાલાલ શનાલાલ પંચોલી તરફથી એમની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૦૧/-

નવા વરાયેલા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીના ફોન તથા સરનામા
શ્રી ચંપકલાલ મોહનલાલ પંચોલી-પ્રમુખ
મદન ઝાંપા, શેઠ શેરી, મુ.પો.તા. નસવાડી. જિ. વડોદરા
મો. : ૯૯૭૮૪ ૭૫૭૬૭
હિરાભાઇ નટુભાઇ પંચોલી-મંત્રી
વાડી, કન્યાશાળા સામે, મુ.પો.તા. નસવાડી, જિ. વડોદરા
મો. ૯૯૨૫૭ ૮૬૬૪૫

## શ્રી પંચોલી સેવા સમાજ, સંખેડા

શ્રી પંચોલી સેવા સમાજ સંખેડાને વાડી જીર્ણોદ્ધાર માટે નીચે મુજબનું દાન મળ્યું છે.
૧૧,૧૧૧/- શ્રી ચંદ્રકાંતભાઇ ચંદુલાલ પંચોલી
૫,૫૫૫/-રાજેશભાઇ જેઠાભાઇ પંચોલી
૩,૩૩૩/- ભાનુભાઇ માણેકલાલ મિસ્ત્રી
દાતાઓનો આભાર......
શ્રી ચંદ્રકાંત ભાઇ સી. પંચોલી-પ્રમુખ

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરનું સ્નેહમિલન -તેજસ્વી તારલા ઇનામ વિતરણનો કાર્યક્રમ તા. ૩.૨.૨૦૧૩ના રોજ શ્રવણ વિદ્યાભાવન ખાતે બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો. પ્રથમ સલાડ ડેકોરેશનની સ્પર્ધા મહિલા મંડળ તરફથી રાખવામાં આવી. જેના નિર્ણાયક તરીકે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ શીલાબેન પંચોલી અને શ્રીમતિ દેવીયાનીબેન મહેતાએ સેવા આપી હતી. જેમાં સાત સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેના વિજેતા પ્રથમ સોનલ મનોજભાઇ પંચોલી. દ્વિતીય બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી અને મીનાબેન છગનભાઇ મિસ્ત્રી થયા હતા. તેમને ઇનામો આપી નવાજ્યા હતા.

રમતગમતની શરૂઆત કરવામાં આવી જેમાં ત્રણ વિભાગ પાડયા. પ્રથમ ૪૦ વર્ષથી ઉપર, બીજો ૪૦ વર્ષ નીચે અને ત્રીજો બાળકો. હુલાહુલ પાર્સીંગ રમત રમ્યા. જેમાં ૪૦ વર્ષથી ઉપરનામાં રાજેન્દ્રભાઇ ડી. મિસ્ત્રી, ૪૦ વર્ષથી નીચેનામાં શ્રી અજય સી. પંચોલી અને બાળકોમાં જીત નિમેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા તેમને ઇનામોથી નવાજયા હતા.

ત્યારબાદ મનોરંજન કાર્યક્રમની શરૂઆત અધિવેશનમાં વિમોચન થયેલ પંચોલી સમાજનું સમાજ ગીત ‘‘હમ પંચોલી...હમ પંચોલી..હૈ’થી કરવામાં આવી. ત્યારબાદ માનસી નિલેશ પંચોલીએ દિપનૃત્ય રજુ કર્યુ. નિષ્ઠા જેસલભાઇ મિસ્ત્રી, નિધિ હેમેન્દ્રભાઇ પંચોલી, શૈલી જેસલભાઇ મિસ્ત્રી, દિશા અજયભાઇ પંચોલી, શુભમ પ્રશાંતભાઇ પંચોલી, પ્રયાગ અને તસ્મય પરેશભાઇ મિસ્ત્રી, એષા, નેહા હિતેશભાઇ મિસ્ત્રીએ વિવિધ મનોરંજન કાર્યક્રમની રજુઆત કરી ત્યારબાદ સુરત મુકામે અધિવેશનમાં રજુ કરેલ નવદુર્ગા ડાન્સ અમિષા પંચોલી, અમિતા પંચોલી, નીપા મિસ્ત્રી, ખુશ્બુ મિસ્ત્રી, ભાવના મિસ્ત્રી, સોનલ મનોજભાઇ, શ્રેયા મિસ્ત્રી, સોનલ નિલેશભાઇ, કિંજલ પંચોલી, દિશા પંચોલી, અજય પંચોલી અને જય પંચોલી એ રજુ કર્યો હતો. ત્યારબાદ બાળકોના ઇનામ વિતરણ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો

| | |
|---|---|
| નર્સરી | પ્રયાગ પરેશભાઇ મિસ્ત્રી |
| એલ કેજી | એષા સુધીરભાઇ પંચોલી |
| | નિષ્ઠા જેસલભાઇ મિસ્ત્રી |
| યુ.કે.જી. | તસ્મય પરેશભાઇ મિસ્ત્રી |
| | હેનિલ ચેતનભાઇ પંચોલી |
| | દેવ ગોપાલભાઇ પંચોલી |
| ધો.૧ | શિવાંગ ધવલભાઇ પંચોલી |
| | શુભમ પ્રશાંતભાઇ પંચોલી |
| ધો.૨ | નેહા હિતેશભાઇ મિસ્ત્રી |
| ધો.૩ | વૈષ્ણવી મુકેશભાઇ મિસ્ત્રી |
| | ઓમ રાકેશભાઇ પંચોલી |
| ધો.૪ | વંશીતા સી પંચોલી |
| | શૈલી જેસલભાઇ મિસ્ત્રી |
| ધો.૫ | દિશા અજયભાઇ પંચોલી |
| | હેત અનિલકુમાર પંચોલી |
| | માનસી નિલેશ પંચોલી |
| | જીત નિમેષ મિસ્ત્રી |
| | પૂજા જયેશભાઇ પંચોલી |
| ધો.૬ | વૃશાલી નિલેશભાઇ મહેતા |
| | ચિરાગ કેતનકુમાર પંચોલી |
| | સ્મિત સંજયકુમાર પંચોલી |
| | ભાવિક ગજેન્દ્રકુમાર પંચોલી |
| | દિતી રાજેશભાઇ પંચોલી |
| ધો.૭ | ઉત્સવ પારસભાઇ મિસ્ત્રી |
| | ધ્રુવ મિસ્ત્રી |
| | શુભમ સુધીરભાઇ પંચોલી |
| | જય મનોજભાઇ પંચોલી |
| ધો. ૮ | મીત જયેશભાઇ પંચોલી |
| ધો.૯ | અશેષ જયેન્દ્રભાઇ પંચોલી |
| | વિધિ શશીકાંતભાઇ પંચોલી |
| ધો.૧૦ | કિંજલ નિલેશભાઇ પંચોલી |
| | વિવેક ગજેન્દ્રભાઇ પંચોલી |
| ધો.૧૧ | પ્રાચી જયેન્દ્રભાઇ પંચોલી |
| | શ્રેયા મનોજભાઇ પંચોલી |
| Ic. Eng. Sem.II | જય દિલીપકુમાર પંચોલી |
| Dip. Sem.III | નિશિતા નિતિનભાઇ પંચોલી |
| BBA | જલ્પા શૈલેષકુમાર પંચોલી |

ને મહાનુભાવો દ્વારા ઇનામો આપવામાં આવ્યા હતા.
મનોરંજન કાર્યક્રમમા ભાગ લેનાર તમામને ઇનામો આપી નવાજ્યા હતા.
સુરત અધિવેશનમાંભાગ લેનાર : અમિષા પંચોલી, અમિતા પંચોલી, નિપા મિસ્ત્રી, ખુશ્બુ મીસ્ત્રી, ભાવના મિસ્ત્રી, સોનલ મનોજભાઇ, શ્રેયા મિસ્ત્રી, સોનલ નિલેશભાઇ, કિંજલ પંચોલી, દિશા પંચોલી અજય પંચોલી, જય પંચોલી, શૈલી મિસ્ત્રી, માનસી પંચોલી, જીત મિસ્ત્રી, મિતેશ પંચોલી, અર્પણ પંચોલી, કૃણાલ પંચોલીને સુંદર ગીફ્ટ આપી નવાજ્યા હતા. અંતમાં આજના ઇનામ સ્પોન્સર સ્વ. જેકોરબેન અને સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલી હસ્તે ચેતનભાઇ વી. પંચોલીનો આભાર માની કાર્યક્રમની સમાપ્તિ

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ, વડોદરા

શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરાનો ફેબ્રુઆરીમાસનો સમૂહ જન્મોત્સવના પ્રારંભે શ્રીમતિ અ૧ણાબેને દીપ તગટાવી પ્રાર્થના કરી. પ્રમુખશ્રી મધુસુદનભાઇ સી. પંચોલીએ સર્વે ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યુ. અને દેહદાન અને ચક્ષુદાન પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી. મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇએ ‘જિંદગી નાની નાની ખુશીઓની બનેલી છે’ વિશે સદ્રષ્ટાંત રસપ્રદ વાર્તાલાપ આપ્યો. સમય દગાબાજ હોવાથી સમયની કિંમત સમજી નાની નાની ખુશીઓને માણતા રહેવાથી જિંદગી ખુશખુશાલ બની શકે છે. જન્મોત્સવી ભાઇ બહેનોનું ગુલાબનું પુષ્પ

આપી અભિવાદન કર્યુ. શ્રીમતિ શકુંતલાબેન અને શ્રી મધુસુદનભાઇ સી. પંચોલી દુબઇ પ્રવાસે જતા હોય તેમણે સુખરૂપ આનંદદાયી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આજના જન્મોત્સવમાં ગોલ્ડ મેડાલીસ્ટ ડો. દિપાલીબેન પી. પટેલનો એક્યુપ્રેસરથી વિવિધ કષ્ટ સાધ્ય રોગો સશિત સામાન્ય શારીરિક ફરીયાદોના નિવારણ માટેની સારવારનો વાર્તાલાપ ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી હતો. એક્યુપ્રેસર, મેગ્નેટ, કલર સીડસ, યોગ, પ્રણાયામ વિગેરે દ્વારા દરદીઓ સાઝા થાય છે તેનું નિદર્શન સહ માર્ગદર્શન આપ્યું.

ડો. સૂર્યકાંતભાઇએ ચંદ્રકાંતભાઇના વાંચનનો લાભ સૌને મળતો રહે એવી આશા વ્યકત કરી. ડો. દિપાલીબેને પોતાનો વ્યસ્ત સમયમાંથી વરિષ્ઠ નાગરિકો માટે સમય ફાળવી ઉપયોગી નિદર્શન સહિતના વાર્તાલાપ માટે આભારની લાગણી વ્યકત કરી. સમર્પણ પાર્ક વાસી શ્રીમતિ અરૂણાબેન અને શ્રી ચંદ્રકાંતભાઇના પરિવારે સ્વાદિષ્ટ ભોજન સહિતની સુંદર વ્યવસ્થા કરી તે માટે સૌએ આભાર માન્યો. જન્મોત્સ નિમિત્તે મળેલ ભેટ

૨૫૧ શ્રી ચંદ્રકાંતભાઇ ચંદુલાલ પંચોલી
૧૫૧ શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી
૧૦૧ શ્રી હસમુખભાઇ હીરાલાલ પંચોલી
૧૦૧ શ્રીમતિ અરૂણાબેન જીતેન્દ્રભાઇ પંચોલી

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની ફેબ્રુઆરી માસની મિટીંગ શ્રીમતિ ભાવના મલય મિસ્ત્રીના નિવાસસ્થાને મળી. ભાવનાબેને સૌને આવકાર્યા. મિટીંગની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. વર્ષ પુરૂ થતું હોય વર્ષ ૨૦૧૨ની કાર્યવાહીનો રીપોર્ટ મંત્રીશ્રીમતિ સોનલ નિલેશભાઇ પંચોલીએ વાંચ્યો. ખજાનચી શ્રીમતિ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૨ના હિસાબો રજુ કર્યા તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.


વાર્ષિક ફી વધારા અંગે ચર્ચા કરવામાં આવી અને ચર્ચાને અંતે સર્વાનુમતે ફી રૂા. ૫૦/- કરવામાં આવી. આ માસમાં આવતી બર્થ ડેમાં નીપાબેન, ગીતાબેનને પ્રમુખ શ્રીમતિ શીલાબેને મંડળ તરફથી ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી. એનીવર્સરીમાં બિનીતાબેન, જયોત્સનાબેન, નીરૂબેનને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

પ્રોજેક્ટ અનુસાર ગાર્ડનમાં દક્ષાબેને રમતો રમાડી.
**બેડા દોડ** : ૫૦ વર્ષથી નીચે
પ્રથમ સોનલબેન નિલેશભાઇ પંચોલી
દ્વિતીય સંગીતાબેન રમણભાઇ પંચોલી
બેડાદોડ ૫૦ વર્ષથી ઉપરના
પ્રથમ જયોત્સનાબેન બાબુભાઇ પંચોલી
દ્વિતીય મીનાબેન ચંદુભાઇ પંચોલી
લબાચાદોડ : ૫૦ વર્ષથી નીચે
પ્રથમ : નીપા મૌલિકભાઇ મિસ્ત્રી
દ્વિતીય : ભાવના મલયભાઇ મિસ્ત્રી
૫૦ વર્ષથી ઉપર
પ્રથમ : દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી
દ્વિતીય : મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી

વનમિનિટ ગેમ ભાવનાબેને રમાડી જેમાં ૫૦ વર્ષથી નીચેમાં સાધનાબેન હેમલભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી ઉપરમાં મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા. વિજેતા બહેનોને શીલાબેને મહિલા મંડળ તરફથી ઇનામો આપી નવાજયા.

લકી ડ્રો પણ રાખવામાં આવ્યો જેના વિજેતા ખુશ્બુ વિસ્મયભાઇ મિસ્ત્રી વિજેતા થયા એમને દક્ષાબેન તરફથી ઇનામ આપવામાં આવ્યું.

જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલી તરફથી રૂા. ૫૧/- એનીવર્સરી નિમિત્તે મળ્યા. માર્ચ માસની મિટીંગ ખુશ્બુ વિસ્મયભાઇ મિસ્ત્રી ના નિવાસસ્થાને રાખવાનું નક્કી કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.



# પરિણયની પગદંડી પર...



રાજપીપલા નિવાસી શ્રીમતિ નિલાક્ષીબેન તથા નરેન્દ્રભાઇ હરીવલ્લભદાસ પંચોલીના સુપુત્ર ચિ. નિરવના શુભલગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ આનંદીબેન તથા શ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીની સુપુત્રી ચિ. નિધિ સાથે તા. ૧૪.૨.૨૦૧૩ ના રોજ થયા.




વડોદરા નિવાસી શ્રીમતિ કમળાબેન તથા શંકરભાઇ પંચોલી ના સુપુત્ર ચિ. પ્રદિપના શુભલગ્ન શ્રીમતિ પારૂલબેન તથા અશોકભાઈની સુપુત્રી ચિ. પિનલ સાથે તા. ૨૫.૧.૨૦૧૩ના રોજ થયા



વડોદરા નિવાસી શ્રીમતિ અનસુયાબેન તથા બિપીનભાઇ નટવરલાલ પંચોલીના સુપુત્ર ચિ. પ્રતિકના શુભલગ્ન વડોદરા નિવાસી શ્રીમતિ શીલાબેન તથા શ્રી નારાયણદાસ ડાહ્યાભાઇ પંચોલીની સુપુત્રી ચિ. મેઘા સાથે તા. ૩૧.૦૧.૨૦૧૩ ના રોજ થયા.

મુંબઇ નિવાસી શ્રીમતિ ચેતનાબેન તથા શ્રી કિશોરભાઇ જમનાદાસ પંચોલીના સુપુત્ર ચિ. કિશનના શુભલગ્ન મુંબઇ નિવાસી શ્રીમતિ સ્નેહાબેન તથા શ્રી સંજય શાહની સુપુત્રી ચિ.સીમોની સાથે તા. ૨૬.૧૨.૨૦૧૨ના રોજ થયા.

મુંબઇ નિવાસી શ્રીમતિ ત્રિવેણીબેન તથા શ્રી મુકુલભાઇ ડાહ્યાભાઇ મિસ્ત્રીના સુપુત્રી ચિ. પ્રિયંકાના શુભલગ્ન વડોદરા નિવાસી શ્રીમતિ ગીતાબેન તથા શ્રી જગદીશચંદ્ર છીતાલાલ પંચોલીના સુપુત્ર ચિ.નિરવ સાથે તા. ૧૪.૨.૨૦૧૩ના રોજ થયા.


પ્રભુતામાં પગલા પાડતાં નવદંપતિઓને સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

## હેપી બર્થડે...





ચિ. વંશ હિમાંશુકુમાર પંચોલી-સંખેડા
૪.૩.૨૦૦૯



ચિ. આરવ કેતુલકુમાર પંચોલી-રાજપીપલા
૨૮.૨.૨૦૧૨



ચિ. પ્રયાગ જૈમીનભાઇ પંચોલી-વડોદરા
૨૫.૧.૨૦૧૧

સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે......

# આપણું ગૌરવ

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાનું ગૌરવ



રાજપીપલા નિવાસી શ્રી નિખિલકુમાર પનસકુમાર પંચોલીના સુપુત્ર ચિ. જન્મેજય ધો:૭, GK-IQ-2012 ગુજરાત રાજ્ય લેવલે શ્રી વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા લેવાયેલ ધો.૫ થી ધો. ૧૨ અને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓની લેવાયેલ પરીક્ષામાં રાજપીપલા કેન્દ્રમાં દ્વિતીય નંબરે ઉર્તિણ થઇ માતા-પિતા, શાળા, સમાજ અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે....

## પંચોલી સમાજ વ્યારા



વ્યારા નિવાસી શ્રી યતિનકુમાર રમણલાલ પંચોલીના સુપુત્ર ચિ. પાર્સવ ધો:૯માં અભ્યાસ કરે છે. જેમણે વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન લેવાયેલજિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ લેવાયે નીચે મુજબની સ્પર્ધામા ભાગ લઇ વિજેતા થયેલ છે.

| | | |
|---|---|---|
| કુસ્તી ૨૦૧૨ | રાજ્યકક્ષા | પાર્ટીસીપેટ જામનગર |
| કુસ્તી ૨૦૧૨ | જિલ્લાકક્ષા | પ્રથમ વિજેતા વાલોડ |
| ટેબલ ટેનિશ૨૦૧૨ | રાજ્ય કક્ષા | પાર્ટીસીપેટ-અમદાવાદ |
| | જિલ્લાકક્ષા | તૃતીય વિજેતા KAPS |
| કબડ્ડી ૨૦૧૨ | રાજ્યકક્ષા | પાર્ટીસીપેટ |

ખેલમહાકુંભ-૨૦૧૩માં કુસ્તી સ્પર્ધામાં ૩૫છનઇ માં પ્રથમ આવી માતા-પિતા, વ્યારા સમાજ તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

## પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

અંકલેશ્વર નિવાસી શ્રી જેસલભાઇ મનુભાઇ મિસ્ત્રીની સુપુત્રી ચિ. શૈલીએ કલા શિક્ષક સંઘ(ગુજરાત રાજ્ય) તરફથી લેવાયેલ ધો. ૫ થી ૭માં રંગપૂરણીની હરીફાઇમાં તૃતીય ઇનામ મેળવી શાળા-પરિવાર, સમાજ અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

ત્રણેય વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન સહ...ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

# હેપી ૨૫મી મેરેજ એનીવર્સરી



અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી પરેશભાઇ મગનલાલ પંચોલી તા. ૧૦.૩.૨૦૧૩ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે.



કવાંટ નિવાસી શ્રીમતિ મંજુલા બેન વિનોદકુમાર અંબાલાલ પંચોલ લગ્ન તા. ૧૪.૨.૨૦૧૩ ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે.

સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## ક્ષતિદોષ



નવાપુર નિવાસી શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી જયેશભાઇ સુમનલાલ ગાંધી તા. ૪.૨.૨૦૧૩ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે.

## અનુકરણિય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થા સી.ટી.સ્મારકનિધિમાં નીચે મુજબનું દાન મળ્યું છે.

રૂા. ૫૦૦૦/- ડો. મહેશકુમાર મોહનલાલ મિસ્ત્રી -અંકલેશ્વર

રૂા. ૭૦૧/- શ્રી જયેન્દ્રભાઇ નટવરલાલ પંચોલી(જય પંચોલી) અમદાવાદ

ઉપરોકત બન્ને દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

શ્રી દિપકભાઇ એસ. ગાંધી-અધ્યક્ષા
શ્રી અશ્વિનભાઇ એમ. પંચોલી-મંત્રી
સી. ટી. સ્મારક નિધિ

## એક વાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસીકૃષ્ણકાંત મણીલાલ ગજ્જર તા. ૫.૧.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૫૭



બીલીમોરા નિવાસી શશીકાંતભાઇ નરોત્તમભાઇ પંચોલી તા. ૨૨.૨. ૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૯




મુંબઇના શ્રી જયંતિલાલ ચુનીલાલ મિસ્ત્રીતા. ૧૩.૨.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૦



વ્યારા વાડીવાલા કોમ્પલેક્ષ નિવાસી ચંદનબેન જયંતિલાલ પંચોલી તા. ૧૫. ૨. ૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૯

મુંબઇ નિવાસી કૈલાસબેન શાંતિલાલ પંચોલી તા. ૧૬.૧૦.૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ.૭૧

મુંબઇ નિવાસી પદમાબેન ભગુભાઇ પંચોલી તા. ૧૫.૨.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.




## સમાજવાડીમાં ખીલેલ પુષ્પ



પાવી જેતપુર નિવાસી નિમેશકુમાર શંકરભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. કાવ્ય'નો જન્મ તા. ૨૮.૧૨.૨૦૧૨ના રોજ થયો. માતા : શીતલબેન



સીડની-ઓસ્ટ્રેલીયા(મૂળ વડોદરા) નિવાસી બ્રિજેશભાઇ મધુભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. કબીર'નો જન્મ તા. ૨૭.૧.૨૦૧૩ના રોજ થયો માતા : પ્રતિક્ષાબેન

## ક્ષમાયાચના

**સુવર્ણ જયંતિ અધિવેશન પ્રસંગે**
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**સંલગ્ન સંસ્થા**
**સી.ટી.સ્મારક નિધિને મળેલ દાન વાંચવુ**

**શ્રીમતિ ઉર્મિલાબેન કેશવભાઇ મિસ્ત્રી** તરફથી
શૈક્ષણિક સહાય માટે રૂા. ૫૧,૧૧૧/-
(અંકે રૂપિયા એકાવન હજાર એકસો અગીયાર)
વ્યાજ વપરાશ ફંડ તરીકે મળ્યા છે.

દાતાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.
શ્રી દિપકભાઇ એસ. ગાંધી
અધ્યક્ષ
શ્રી અશ્વિનભાઇ એમ. પંચોલી
મંત્રી
તબીબી સેવા સંકુલ

RNI NO. 6304 / 62


# ટીપે ટીપે સરોવર ભરાય

❖ ₹ ૧૦૦/-રાજપીપલા નિવાસી શ્રી નિખિલકુમાર પનસકુમાર પંચોલી તરફથી સુપુત્ર ચિ. જન્મેજય શ્રી વી. વી.ટ્રસ્ટ - ભાવનગર દ્વારા લેવાયેલ I.Q. ટેસ્ટમાં રાજપીપલા મુકામે દ્વિતીય આવવા બદલ.

❖ ₹ ૧૫૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી પરેશભાઇ મગનલાલ પંચોલી તરફથી લગ્નજીવનના ૨૫મી એનીવર્સરી નિમિત્તે.

❖ ₹ ૧૧૧/- બીલીમોરા નિવાસી શ્રીરમણભાઇ પંચોલી (વલસાડ વાલા) તરફથી ગણદેવી મુકામે નૂતન ગૃહપ્રવેશ અને વાસ્તુ પૂજન નિમિત્ત

❖ ₹ ૧૦૧/- વડોદરા નિવાસી શ્રીમતિ અનસુયાબેન તથા બિપીનભાઇ નટવરલાલ પંચોલી તરફથી પુત્ર ચિ. પ્રતિકના શુભલગ્ન નિમિત્તે

❖ ₹ ૧૦૧/- વડોદરા નિવાસી શ્રીમતિ શીલાબેન તથા નારાયણદાસ ડાહ્યાભાઇ પંચોલી તરફથી ચિ. મેઘાના શુભલગ્ન નિમિત્ત

❖ ₹ ૧૦૧/- વડોદરા નિવાસી શ્રીમતિ જલ્પાબેન તથા જૈમીનકુમાર વિપીનભાઇ પંચોલી તરફથી ચિ. પ્રયાગના જન્મદિન નિમિત્ત

❖ ₹ ૧૫૧/- વડોદરા નિવાસી શ્રી હરીવદનભાઇ ચેતનલાલ પંચોલી તરફથી પિતાશ્રી સ્વ. ચેતનભાઇ તથા પુત્રી સ્વ. રચનાના સ્મરણાર્થે.

❖ ₹ ૨૫૧/- વ્યારા નિવાસી શ્રીમતિ નયનાબેન વિપીનચંદ્ર પંચોલી તરફથી તા. ૬.૨.૨૦૧૩ના રોજ વર્ષગાંઠ નિમિત્તે..

૨૫૦/- કવાંટ નિવાસી શ્રીમતિ મંજુલાબેન તથા શ્રી વિનોદકુમાર અંબાલાલ પંચોલી તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે....

# આપણું ગૌરવ

રોટરી કલબ ઓફ અંકલેશ્વર સંચાલિત જી.સી.નાહર ચક્ષુબેંકમાં ૧૦૧ વ્યકિતના ૨૦૨ ચક્ષુઓ દાનમાં મળ્યા છે.

ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી ચક્ષુબેંકના પ્રોજેક્ટ ચેરમેન છે. ઉપરોકત સિધ્ધમાં ૧૦૧માંથી ૯૦થી વધુ વ્યકિતઓના ચક્ષુ મેળવવામાં તેમણે રાત દિવસ જોયા વિના સેવા આપી છે. એ બદલ અભિનંદન.........

Book Post
Printed Book
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**